॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી આદિનારાયણ કથા તેમજ પૂજનવિધિ

:: પ્રેરક ::

પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબા

-: પ્રકાશક :-

શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર,

કેરિયારોડ, અમરેલી

પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર,
કેરિયારોડ, અમરેલી
શ્રી ઘનશ્યામ મહારાજની રજત જયંતી નિમિત્તે

પ્રથમ આવૃત્તિ : પ્રત : ૫૦૦૦, સંવત ૨૦૬૬.

બીજી આવૃત્તિ : પ્રત : ૫૦૦૦, સંવત ૨૦૭૮.

કિંમત : રૂા. ૩૦/-

પ્રાપ્તિસ્થાન :

૧. શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર
ગંગાપાર્ક સોસાયટી, રોકડવાડી, કેરીયારોડ,
અમરેલી, ફોન. (૦૨૭૯૨) ૨૨૫૧૯૯.
મો. ૯૮૭૯૨ ૦૮૫૨૯, ૮૮૪૯૫ ૬૧૬૦૪

૨. શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર
૯, દાનેવપાર્ક, નિકોલગામ રોડ,બાપુનગર, અમદાવાદ.
મો. ૯૮૭૯૨૦૮૫૨૭, ૯૮૭૯૨ ૦૮૫૨૩

૩. શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર
પ્લોટ નં. ૧૮૨, વિ-૩, સ્વાતિ કો.ઓ. સોસાયટી,
ચોપાટીની સામે, ચીકુવાડી, નાના વરાછા, સુરત-૬.
મો.૯૮૭૯૨૦૮૫૨૮, ૯૮૭૯૨ ૦૮૧૦૭

૪. શ્રી સ્વામિનારાયણ મંદિર (મહિલા સંસ્કાર કેન્દ્ર)
લક્ષ્મીનારાયણ પાર્ક, ગઢડા રોડ, ગુરુકુલ સામે, બોટાદ,
મો. ૯૮૭૯૨ ૦૮૭૦૫, ૯૮૭૯૨ ૦૮૫૨૪

મુદ્રક :
શ્રીજી આર્ટ, અમદાવાદ.
ફોન નં. (૦૭૯)૨૬૫૮૦૯૧૬, મો.નં. ૯૮૭૯૬૦૬૬૮૬.

સૌજન્ય

''સર્વજીવ હિતાય, સર્વજીવ સુખાય'' શ્રીહરિના શુભ સંકલ્પને સાકાર કરવા તેમજ સત્સંગીજનોના આધિ-વ્યાધિ-ઉપાધિ એવા ત્રિવિધ તાપની નિવૃત્યર્થે અને આલોક પરલોકની શુભકામનાઓની ફલશ્રુતિ માટે સત્ય સંકલ્પ સ્વરૂપી આ આદિનારાયણ પુસ્તિકા પ્રકાશનની અમૂલ્ય આર્થિક સેવા સ્વીકારી છે તે પરિવાર ઉપર શ્રીહરિનો રાજીપો સદાય રહે, સર્વ પ્રકારે સુખીયા રહે એવી પ્રભુને પ્રાર્થના.

પ.ભ. શ્રી રણછોડભાઈ મકનભાઈ પટેલ (કંડારી)
શ્રીમતી ગંગાબેન રણછોડભાઈ પટેલ (કંડારી)
પ.ભ. શ્રી ભુપેન્દ્રભાઈ રણછોડભાઈ પટેલ (યુ.એસ.એ.)
શ્રીમતી મીનાબેન ભુપેન્દ્રભાઈ પટેલ (યુ.એસ.એ.)
ચિ. પીનલકુમાર ભુપેન્દ્રભાઈ પટેલ (યુ.એસ.એ.)
મિનિષાબેન તથા ડૉ. સાગરભાઈ પટેલ (યુ.એસ.એ.)
પાર્ષદ : માયાબેન ગુરૂ સાં.યો. શ્રી લીલાબા - અમરેલી
તથા સર્વે પરિવારના જય શ્રી સ્વામિનારાયણ.



નિવેદનમ્

સર્વાવતારી પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વીમાં પધારીને અનંત જીવોને સુખીયા કર્યા છે. મુમુક્ષુ જીવોને જીવનનું ઊંચામાં ઊંચુ મુલ્ય પરમાત્માના પરમ સુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. શારીરિક, માનસિક અને ભૌતિક સુખની પ્રાપ્તિ માટે માનવ જાતના આધ્યાત્મિક અને સામાજીક શ્રેય માટે જીવનને ઉર્ધ્વગામી બનાવી આત્યંતિક દિવ્ય સુખને પામવા શ્રી હરિની કથા ઉત્તમ સાધન છે.

સત્સંગીજીવનમાં શતાનંદસ્વામીએ શ્રીહરિ જયંતિ વ્રતનું માહાત્મ્ય કહ્યું છે, તે શ્રીહરિ જયંતિ વ્રત સર્વ પ્રકારે સર્વનું શ્રેય કરનાર છે. અને ભગવાનની ભક્તિની વૃદ્ધિને માટે ને દરેક કાર્યની સિધ્ધિને માટે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રી આદિનારાયણ કથા પ્રચલિત છે. આદિનારાયણ એટલે સ્વામિનારાયણ ભગવાન પોતે, પણ આ કથામાં આદિનારાયણ નામથી સંબોધન કર્યું છે. તેમજ આ કથામાં શતાનંદમુનિ અને હરિશર્મા વિપ્રનો સંવાદ છે. આ લોકમાં સર્વ કોઈ મનુષ્યને પોતાના સમગ્ર કષ્ટની નિવૃત્તિ માટે તથા પુત્ર વિત્તાદિકના લાભ ને માટે ને સંસાર થકી મુક્તિને માટે આ આદિનારાયણ કથા અને હરિજયંતિ વ્રત પ્રીતિપૂર્વક કરવું. આ વ્રત કરતા ભક્તોએ હરિજયંતિ (અજવાળી નવમી)ને દિવસે નકોરડો ઉપવાસ કરવો, નકોરડો ન થઈ શકે તો ફળાહાર કરવો ને દર હરિજયંતિને દિવસે આદિનારાયણ કથા પોતાને ઘેર કરવી અથવા મંદિરમાં કરાવવી.

સાંખ્યયોગી શ્રી લીલાબાના જય શ્રી સ્વામિનારાયણ.

આદિનારાયણ કથા માટેની વિગત

હરિજયંતિના દિવસે સવારે માથાબોળ સ્નાન કરી ધોયેલા વસ્ત્રો પહેરી પાટલા કે બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી ઉપર શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ પધરાવવી, બાજુમાં બાજોઠ પર વસ્ત્ર પાથરી ચોખા મુકવા ને તેની ઉપર જળ ભરીને ત્રાંબાના કળશ ઉપર આસોપાલવના પાન તથા શ્રીફળ મુકવું. ઘીનો દિવો કરવો, અગરબત્તી કરવી, ભગવાનને કંકુનો ચાંદલો કરવો, પુષ્પ, ચંદન વગેરેથી ભગવાનનું પૂજન કરવું, ૧૦૮ જનમંગલ નામાવલિના પાઠથી તુલસીપત્ર અથવા ચોખા ભગવાનના ચરણમાં ચઢાવવા, પછી પાંચ અધ્યાય વાળી આદિનારાયણની કથા વાંચવી ત્યારપછી થાળ ધરાવવો, થાળમાં શીરો બનાવવો, થાળ પછી ચોખ્ખુ જળ ધરાવવું, ત્યારબાદ આરતી ઉતારવી, પ્રાર્થના કરી ભગવાનની મૂર્તિને પોતાના સ્થાને પધરાવવી.

શ્રી આદિ નારાયણ પૂજન વિધિ

શ્રી હરિકૃષ્ણાય નમઃ

(જમણા હાથમાં જળ લઈ ત્રણ વખત આચમન કરવું.)

ૐ અવતારિણે શ્રી સ્વામિનારાયણાય નમઃ
ૐ અવતારિણે શ્રી હરિકૃષ્ણાય નમઃ
ૐ અવતારિણે શ્રી સહજાનંદાય નમઃ
હસ્તપ્રક્ષાલનં સમર્પયામિ (હાથ ધોઈ નાખવા)

(ભાલમાં કુંકુમનો ચાંદલો કરવો જમણા હાથે નાડાછડી બાંધવી)

: શ્લોક :

શ્રીકૃષ્ણાય તમોહરાય હરયે શ્રીનીલકન્ઠાય તે ।
શ્રીનારાયણનામધેયધૃતયે ધર્માત્મજાયાત્મને ।
સદ્ધર્માવનસમ્ભવાય હરિયુક્કૃષ્ણાભિધાયાનિશં ।
ષન્ણામાવલિસંયુતાય સહજાનન્દાય સદ્ગવર્ણિને ॥૧॥

અથ સંકલ્પઃ

(આચમનીમાં જળ રાખો)

ૐ વિષ્ણુર્વિષ્ણુર્વિષ્ણુઃ । શ્રીમદ્ ભગવતો મહાપુરુષસ્ય, વિષ્ણોરાજ્ઞયા, પ્રવર્તમાનસ્ય, અસ્ય બ્રાહ્મણો, દ્વિતીયે પરાર્ધે, શ્રી શ્વેતવારાહકલ્પે, સપ્તમ્

વૈવસ્વતમન્વન્તરે, અષ્ટાવિંશતિતમે કલિયુગે, કલિપ્રથમચરણે, ભૂર્લોકે, જમ્બુદ્વિપે, ભારતવર્ષે, આર્યાવર્તાન્તર્ગત, બ્રહ્મવર્તૈકદેશે, ગુર્જરપ્રદેશે, અમરેલી નગરે અત્રાદ્ય વિક્રમ સંવત બે હજાર છાસઠ ના મહામાંગલ્ય ફલપ્રદ ઉત્તમ પુણ્ય પવિત્રકારી શ્રાવણ માસે શુક્લપક્ષે નવમી શુભ પુણ્ય તિથૌ સોમવારે શ્રીજી મહારાજના રાજીપા અર્થે આદિનારાયણ કથા નિમિત્તે શ્રીહરિ પૂજનં અહમ્ કરિષ્યે ॥

અથ ધ્યાનમંત્ર

(બે હાથ જોડી ભગવાનનું ધ્યાન કરવું)

: શ્લોક :

શ્રીમચ્છારદપૂર્ણચંદ્રવિલસત્ સ્મેરાનનં શ્રીહરિં ।
તુંગે પિઠવરેસ્થિતં પરિવૃતં સદ્ભક્તવૃન્દૈર્યથા ।
તારાભિર્વિધુમર્ચ્યમાનમુરુધાતૈશ્ચન્દનૈઃ કૌસુમૈ ।
હરૈઃ શેખરપંક્તિભિશ્ચ હૃદયે શુક્લાંબરં ચિન્તયે ॥૧॥

અક્ષરધામમધ્યસ્થં, હ્યનન્તમુક્તસેવિતમ્ ।
નૈકેન્દુસુપ્રભમ્ રમ્યં, શ્રીહરિં ચિન્તયામ્યહમ્ ॥૨॥

ૐ સાઙ્ગાય સપરિવારાય ભગવતે
શ્રી સ્વામિનારાયણાય નમઃ ધ્યાયામિ સમર્પયામિ ।

અથ આવાહન મંત્ર

(બે હાથ જોડી રાખવા)

: શ્લોક :

ઉતિષ્ઠોતિષ્ઠ ગોવિન્દ ! ઉતિષ્ઠ ગરૂડધ્વજ ।
ઉતિષ્ઠ કમલાકાન્ત ! ત્રૈલોક્યં મંગલં કુરુ ।।-૧
ઉતિષ્ઠોતિષ્ઠ હે નાથ ! સ્વામિનારાયણાય પ્રભો ।
ધર્મસૂનો દયાસિંધો ! સ્વેષાંશ્રેયઃ પરં કુરુ ।।-૨
પ્રાદુર્ભુય મહારાજ, દિવ્ય સંસદ સમાવૃતઃ ।
દર્શનં દેહિ મે નાથ, શાન્તિ કુરૂ વૃષાત્મજ ।।-૩
આગચ્છ ભગવન્ દેવ ! સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સનમુખો ભવ ।।-૪

ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ ત્વમ્ આવાહયામિ સ્થાપયામિ પૂજયામિ ॥

અથ પાદ્યમ્

(જળની ચમચી ભરીને જમણા હાથમાં રાખો)

: શ્લોક :

ઉન્મત્તગાંગમિદં તે, કનક કલશે સ્થિતમ્ ।
સગંધિ દ્રવ્યસંયુક્તં, પાદ્યં ધર્મજઃ ગૃહ્યતામ્ ।।૧।।
શ્રી નિલકંઠ ! હરિકૃષ્ણ ! હરે ! દયાલો !, સ્વામિન્ !
પરાત્પર વરાક્ષરધામવાસિન્ !, હરિપ્રસાદ ! પુરષોત્તમ !
ધર્મપુત્ર ! નારાયણં સુખનિધિં પ્રણમામ્યહં ત્વામ્ ।।૨।।

ૐ સાઙ્ગાય સપરિવારાય ભગવતે શ્રી સ્વામિનારાયણાય નમઃ પાદ્યમ્ સમર્પયામિ ।

અથ અર્ઘ્યમ્

(જળની ચમચી ભરી રાખવી)

: શ્લોક :

ગંધ પુષ્પાદિ સંમિશ્રં, હેમપાત્રાભૃતં જલમ્ ।
ગૃહાણર્ઘ્યં ઘનશ્યામ, સહજાનંદ શર્મદ ॥૧॥

શુધ્ધ પ્રગલ્ભ પુરૂષોત્તમ મોક્ષદાયિન્ ।
દાંતાનિશાંત વિશદાશય ભક્તલભ્ય ।
વાગ્મીન્ ક્ષમાજલિનિધે શુભલક્ષમપાદ ।
કૃષ્ણં નમામિ સતતં અવતારીણં ત્વામ્ ॥૧॥

ૐ સાઙ્ગાય સપરિવારાય ભગવતે
શ્રી સ્વામિનારાયણાય નમઃ હસ્તયો અર્ઘ્યમ્ સમર્પયામિ ।

અથ સ્નાનમ્

(ચમચીમાં જળ ભરી ઠાકોરજીનો અભિષેક કરવો.)

: શ્લોક :

ગંગાસિંધુ સરસ્વતી ચ યમુના, ગોદાવરી નર્મદા
કાવેરી સરજુ મહેન્દ્ર તનયા, ચર્મણ્યવતી વેદિકા
ક્ષીપ્રા વેત્રવતી મહાસુર નદી, ખ્યાતા ગયા ગંડકી
પુર્ણા પૂર્ણજલે સમુદ્ર સંહિતા, કુર્વન્તુ મે મંગલમ્ ॥૧॥

હે ધર્મપુત્ર હરિકૃષ્ણ તપઃ પ્રિયાદ્ય
નારાયણાખિલગુરો વિજિતેન્દ્રિયેશ
જ્ઞાનિન્ પ્રભોઽનિલસુતેષ્ટ હરે અજન્મન્
કૃષ્ણં નમામિ સતતં અવતારીણં ત્વામ્ ॥૨॥

ૐ અનંત કોટી બ્રહ્માંડાધિશ્વરસ્ય ભગવતે
શ્રી સ્વામિનારાયણાય નમઃ શુધ્ધોદક સ્નાનમ્ સમર્પયામિ ।

અથ વસ્ત્રોપવસ્ત્રમ્

(હાથમાં નાડાછડીના બે ટુકડા હાથમાં રાખવા)

: શ્લોક :

ગૃહાણવસ્ત્રાયુગ્મં ત્વં દયાસિંધો ! સુનિર્મિતમ્ ।
કાર્પાસતંતુભિઃ સૂક્ષ્મૈઃ સૌવર્ણે ન વિરાજિત ॥

ૐ અનંત કોટી બ્રહ્માંડાધિશ્વરસ્ય ભગવતે
શ્રી સ્વામિનારાયણાય નમઃ વસ્ત્રોપવસ્ત્રમ્ સમર્પયામિ ।

અથ યજ્ઞોપવિતમ્

(હવે મહારાજને જનોઈ અર્પણ કરવા માટે હાથમાં નાડાછડી લેવી)

: શ્લોક :

સુક્ષ્મં શુભ્રં મયાનીતં શ્રોત સ્માર્તક્રિયોચિત્તમ્ ।
ગૃહાણો પવીતં નાથ ! નીલકંઠ ! કૃપાનિધે ॥

ૐ અનંત કોટી બ્રહ્માંડાધિશ્વરસ્ય ભગવતે
શ્રી સ્વામિનારાયણાય નમઃ યજ્ઞોપવિતમ્ સમર્પયામિ ।

અથ ચંદનમ્

(ભગવાનને કંકુનો ચાંદલો કરી ફુલ-ચંદન ચડાવવા)

: શ્લોક :

સ્નાતં ચંદનચર્ચિતં નિજજનૈઃ પુષ્પસ્રજાલંકૃતં,
પ્રાતઃ સુર્યમયૂખસેવિતમુખં શ્રીચન્દ્રશાલોપરિ ।

ધૃત્વા રોટકમેકપાણિતલકે ભકત્વાન્યહસ્તેન તં,
ભુંજાનં પ્રવિલોક્ય સેવકગણાન્ વન્દે સદા સ્વામિનમ્ ॥ ૧॥

ૐ અનંત કોટી બ્રહ્માંડાધિશ્વરસ્ય ભગવતે
શ્રી સ્વામિનારાયણાય ચંદનમ્ સમર્પયામિ ।

અથ પુષ્પાણિ

શ્રીકૃષ્ણં દ્વિભૂજં, કિશોરવયસં, ધાર્મિ સુપદ્મૈક્ષણમ્, ।
સસ્મેરાબ્જમુખં સ્વભક્ત સમિતૌ, સિંહાસને રાજિતં ।
ભક્તૈઃ કેસર ચન્દનેર્બહુવિધૈર્હારાવતંસાદિભિઃ ।
પુષ્પૈઃ પૂજીતમાદરેણ હૃદયે, શુક્લામ્બરં ચિન્તયે ॥૧॥

ૐ અનંત કોટી બ્રહ્માડાધિશ્વરસ્ય ભગવતે
શ્રી સ્વામિનારાયણાય નમઃ ઋતુકાલોદ્ભવાની
પુષ્પાણિ પુષ્પમાલામ્ ચ સમર્પયામિ ।

તુલસીપત્ર મંત્ર

(હાથમાં તુલસીપત્ર રાખવા, મંત્ર બોલીને ચરણમાં ચઢાવવા.)

: શ્લોક :

તુલસી હેમરૂપાં ચ રત્નરુપાં ચ મંજરીમ્ ।
ભવમોક્ષપ્રદાં તુભ્યમ્ હરિં પ્રિયામ્ ॥

ૐ અનંત કોટી બ્રહ્માંડાધિશ્વરસ્ય ભગવતે
શ્રી સ્વામિનારાયણાય નમઃ તુલસીપત્રમ્ સમર્પયામિ ।

અથ અબીલ-ગુલાલ

(ભગવાનને અબીલ-ગુલાલ-કંકુ ચઢાવવા)

: શ્લોક :

અબીરં ચ ગુલાલં ચ સુગંધિદ્રવ્ય સંયુક્તઃ ।
કુંકમાનક્ષતાન્ વાપ્તે ! ગૃહાણ ત્વં મયાર્પિતાન્ ॥૧॥

શ્રી કૃષ્ણ પુરુષોત્તમ વૃષસુતં વર્ણીન્દ્રમીશેશ્વરં ।
તુંગે પીઠવરે સ્થિતં સુખકરં સદ્ભક્તવૃન્દાર્ચિતમ્ ।
કારુણ્યામૃતસાગરં મુનિવરૈઃ સંસેવિતાંઘ્રિદ્વયં ।
સ્મેરાસ્યં સિતસૂક્ષ્મવાસસમહં ધ્યાયામિ ધર્મપ્રિયમ્ ॥૨॥

ૐ સાઙ્ગાય સપરિવારાય ભગવતે શ્રી સ્વામિનારાયણાય નમઃ
અબીલ ગુલાલાદીન્ સમર્પયામિ।

અથ પ્રદક્ષિણામ્

(હાથમાં ફુલ ને ચોખા રાખી હાથ વડે પ્રદક્ષિણા કરવી)

: શ્લોક :

યાનિ કાનિ ચ પાપાનિ જ્ઞાતાજ્ઞાતાકૃતાનિ ચ ।
તાનિ સર્વાણિ નશ્યન્તુ પ્રદક્ષિણાં પદે પદે ॥૧॥

પદે પદે યા પરિપૂજકેભ્યો, સદ્યોડશ્વમેઘાદિ ફલં દદાતિ ।
તાં સર્વપાપક્ષય હેતુભૂતાં, પ્રદક્ષિણાં તે પરિત કરોમિ ॥૨॥

ૐ અનંત કોટી બ્રહ્માંડાધિશ્વરસ્ય ભગવતે
શ્રી સ્વામિનારાયણાય નમઃ પ્રદક્ષિણામ્ સમર્પયામિ ।

અથ નમસ્કારાન્

(બે હાથ જોડી ભગવાનને નમસ્કાર કરવા)

: શ્લોક :

નમઃ વાણી સ્વરૂપાય સત્સંગાધાર હેતવે ।
સાષ્ટાંગ પ્રણતિસ્તુભ્યં કરોમિ નમ્ર ભાવતઃ ।।
સ્વામિનારાયણં દેવં વંદેહં કામદં વિભૂમ્ ।
લીલયા વર્તતે વિશ્વં યસ્ય તસ્મૈ નમોનમઃ ।।

ૐ અનંત કોટી બ્રહ્માંડાધિશ્વરસ્ય ભગવતે
શ્રી સ્વામિનારાયણાય નમઃ નમસ્કારાન્ સમર્પયામિ ।

અથ દક્ષિણામ્

(દક્ષિણા હાથમાં લઈ ભગવાનને અર્પણ કરવી)

: શ્લોક :

હિરણ્યગર્ભગર્ભસ્થં હેમબીજં વિભાવસોઃ ।
અનન્તપુણ્યફલદમતઃ શાન્તિ પ્રયચ્છ મે ।।૧।।
ન્યુનાતિરિક્ત પૂજાયાઃ સંપૂર્ણફલસિદ્ધયે ।
દક્ષિણાં શક્તિતો ધાર્મે અર્પયામિ તવાગ્રત ।।૨।।

ૐ સાજ્ઞાય સપરિવારાય ભગવતે
શ્રી સ્વામિનારાયણાય નમઃ દક્ષિણામ્ સમર્પયામિ ।

અથ પ્રાર્થના

(બે હાથ જોડી પ્રાર્થના કરવી.)

હે નીલકંઠ ! શરણાગતજીવપાલં,
સંસાર સિન્ધુ પતિતોદ્ધરણૈકકૃત્યમ્ ।
સ્વાનાં સુખં વિતરિતું ધૃતનૈકરુપં,
પ્રાપ્તોસ્મિ ભક્તિતનયં શરણં હરિં ત્વામ્ ॥૧॥

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વ મમ દેવ દેવ ॥૨॥

ૐ અનંત કોટી બ્રહ્માંડાધિશ્વરસ્ય ભગવતે
શ્રી સ્વામિનારાયણાય નમઃ પ્રાર્થનાપૂર્વક
નમસ્કારાન્ સમર્પયામિ ।

ક્ષમાયાચના

(પૂજા કરવામાં કંઈ ભૂલચૂક થઈ હોય તો તેથી ભગવાનને
બે હાથ જોડી માફી માંગવી.)

: શ્લોક :

અપરાધ સહસ્ત્રાણિ ક્રિયન્તેઽહર્નિશં મયા ।
દાસોઽયમિતિ માં મત્વા ક્ષમસ્વ પરમેશ્વર ॥૭॥

જનમંગલ નામાવલી

(ચોખા અથવા તુલસી પત્ર ચઢાવવા)

ૐ અવતારિણે શ્રી સ્વામિનારાયણાય નમઃ
ૐ અવતારિણે શ્રી સ્વામિનારાયણાય નમઃ
ૐ અવતારિણે શ્રી સ્વામિનારાયણાય નમઃ

૧. ૐ શ્રી કૃષ્ણાય નમઃ ।
૨. ૐ શ્રી વાસુદેવાય નમઃ ।
૩. ૐ શ્રી નરનારાયણાય નમઃ ।
૪. ૐ શ્રી પ્રભવે નમઃ ।
૫. ૐ શ્રી ભક્તિધર્માત્મજાય નમઃ ।
૬. ૐ શ્રી અજન્મને નમઃ ।
૭. ૐ શ્રી કૃષ્ણાય નમઃ ।
૮. ૐ શ્રી નારાયણાય નમઃ ।
૯. ૐ શ્રી હરયે નમઃ ।
૧૦. ૐ શ્રી હરિકૃષ્ણાય નમઃ ।
૧૧. ૐ શ્રી ઘનશ્યામાય નમઃ ।
૧૨. ૐ શ્રી ધાર્મિકાય નમઃ ।
૧૩. ૐ શ્રી ભક્તિનન્દનાય નમઃ ।
૧૪. ૐ શ્રી બૃહદ્વ્રતધરાય નમઃ ।
૧૫. ૐ શ્રી શુદ્ધાય નમઃ ।

૧૬. ૐ શ્રી રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ ।
૧૭. ૐ શ્રી મરુત્સુતપ્રિયાય નમઃ ।
૧૮. ૐ શ્રી કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ ।
૧૯. ૐ શ્રી જીતેન્દ્રિયાય નમઃ ।
૨૦. ૐ શ્રી જિતાહારાય નમઃ ।
૨૧. ૐ શ્રી તીવ્રવૈરાગ્યાય નમઃ ।
૨૨. ૐ શ્રી આસ્તિકાય નમઃ ।
૨૩. ૐ શ્રી યોગેશ્વરાય નમઃ ।
૨૪. ૐ શ્રી યોગકલાપ્રવૃત્તયે નમઃ ।
૨૫. ૐ શ્રી અતિધૈર્યવતે નમઃ ।
૨૬. ૐ શ્રી જ્ઞાનિને નમઃ ।
૨૭. ૐ શ્રી પરમહંસાય નમઃ ।
૨૮. ૐ શ્રી તીર્થકૃતે નમઃ ।
૨૯. ૐ શ્રી તૈર્થિકાર્ચિતાય નમઃ ।
૩૦. ૐ શ્રી ક્ષમાનિધયે નમઃ ।
૩૧. ૐ શ્રી સદોન્નિદ્રાય નમઃ ।
૩૨. ૐ શ્રી ધ્યાનનિષ્ઠાય નમઃ ।
૩૩. ૐ શ્રી તપઃ પ્રિયાય નમઃ ।
૩૪. ૐ શ્રી સિદ્ધેશ્વરાય નમઃ ।
૩૫. ૐ શ્રી સ્વતન્ત્રાય નમઃ ।
૩૬. ૐ શ્રી બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ ।

૩૭. ૐ શ્રી પાષંડોચ્છેદનપટવે નમઃ ।
૩૮. ૐ શ્રી સ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ ।
૩૯. ૐ શ્રી પ્રશાન્તમૂર્તયે નમઃ ।
૪૦. ૐ શ્રી નિર્દોષાય નમઃ ।
૪૧. ૐ શ્રી અસુરગુર્વાદિમોહનાય નમઃ ।
૪૨. ૐ શ્રી અતિકારુણ્યનયનાય નમઃ ।
૪૩. ૐ શ્રી ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ ।
૪૪. ૐ શ્રી મહાવ્રતાય નમઃ ।
૪૫. ૐ શ્રી સાધુશીલાય નમઃ ।
૪૬. ૐ શ્રી સાધુવિપ્રપ્રપુજકાય નમઃ ।
૪૭. ૐ શ્રી અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ ।
૪૮. ૐ શ્રી સાકારબ્રહ્મવર્ણનાય નમઃ ।
૪૯. ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ ।
૫૦. ૐ શ્રી સ્વામિને નમઃ ।
૫૧. ૐ શ્રી કાલદોષનિવારકાય નમઃ ।
૫૨. ૐ શ્રી સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ ।
૫૩. ૐ શ્રી સદ્યઃસમાધિસ્થિતિકારકાય નમઃ ।
૫૪. ૐ શ્રી કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ ।
૫૫. ૐ શ્રી કૌલદ્વિષે નમઃ ।
૫૬. ૐ શ્રી કલિતારકાય નમઃ ।
૫૭. ૐ શ્રી પ્રકાશરૂપાય નમઃ ।

૫૮. ૐ શ્રી નિર્દમ્ભાય નમઃ ।
૫૯. ૐ શ્રી સર્વજીવહિતાવહાય નમઃ ।
૬૦. ૐ શ્રી ભક્તિસંપોષકાય નમઃ ।
૬૧. ૐ શ્રી વાગ્મિને નમઃ ।
૬૨. ૐ શ્રી ચતુર્વર્ગફલપ્રદાય નમઃ ।
૬૩. ૐ શ્રી નિર્મત્સરાય નમઃ ।
૬૪. ૐ શ્રી ભક્તવર્મણે નમઃ ।
૬૫. ૐ શ્રી બુદ્ધિદાત્રે નમઃ ।
૬૬. ૐ શ્રી અતિપાવનાય નમઃ ।
૬૭. ૐ શ્રી અબુદ્ધિહ્તે નમઃ ।
૬૮. ૐ શ્રી બ્રહ્મધામદર્શકાય નમઃ ।
૬૯. ૐ શ્રી અપરાજીતાય નમઃ ।
૭૦. ૐ શ્રી આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ ।
૭૧. ૐ શ્રી શ્રિતસંસૃતિમોચનાય નમઃ ।
૭૨. ૐ શ્રી ઉદારાય નમઃ ।
૭૩. ૐ શ્રી સહજાનન્દાય નમઃ ।
૭૪. ૐ શ્રી સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ ।
૭૫. ૐ શ્રી કન્દર્પદર્પદલનાય નમઃ ।
૭૬. ૐ શ્રી વૈષ્ણવકૃતુકારકાય નમઃ ।
૭૭. ૐ શ્રી પંચાયતનસન્માનાય નમઃ ।
૭૮. ૐ શ્રી નૈષ્ઠિક વ્રતપોષકાય નમઃ ।

૭૯. ૐ શ્રી પ્રગલ્ભાય નમઃ ।
૮૦. ૐ શ્રી નિઃસ્પૃહાય નમઃ ।
૮૧. ૐ શ્રી સત્યપ્રતિજ્ઞાય નમઃ ।
૮૨. ૐ શ્રી ભક્તવત્સલાય નમઃ ।
૮૩. ૐ શ્રી અરોષણાય નમઃ ।
૮૪. ૐ શ્રી દીર્ઘદર્શિને નમઃ ।
૮૫. ૐ શ્રી ષડૂર્મિવિજયક્ષમાય નમઃ ।
૮૬. ૐ શ્રી નિરહંકૃતયે નમઃ ।
૮૭. ૐ શ્રી અદ્રોહાય નમઃ ।
૮૮. ૐ શ્રી ઋજવે નમઃ ।
૮૯. ૐ શ્રી સર્વોપકારકાય નમઃ ।
૯૦. ૐ શ્રી નિયામકાય નમઃ ।
૯૧. ૐ શ્રી ઉપશમસ્થિતયે નમઃ ।
૯૨. ૐ શ્રી વિનયવતે નમઃ ।
૯૩. ૐ શ્રી ગુરવે નમઃ ।
૯૪. ૐ શ્રી અજાતવૈરિણે નમઃ ।
૯૫. ૐ શ્રી નિર્લોભાય નમઃ ।
૯૬. ૐ શ્રી મહાપુરૂષાય નમઃ ।
૯૭. ૐ શ્રી આત્મદાય નમઃ ।
૯૮. ૐ શ્રી અખંડિતાર્ષમર્યાદાય નમઃ ।
૯૯. ૐ શ્રી વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ ।

૧૦૦. ૐ શ્રી મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ ।
૧૦૧. ૐ શ્રી યમદૂતવિમોચકાય નમઃ ।
૧૦૨. ૐ શ્રી પૂર્ણકામાય નમઃ ।
૧૦૩. ૐ શ્રી સત્યવાદિને નમઃ ।
૧૦૪. ૐ શ્રી ગુણગ્રાહિણે નમઃ ।
૧૦૫. ૐ શ્રી ગતસ્મયાય નમઃ ।
૧૦૬. ૐ શ્રી સદાચારપ્રિયતરાય નમઃ ।
૧૦૭. ૐ શ્રી પુણ્યશ્રવણકીર્તનાય નમઃ ।
૧૦૮. ૐ શ્રી સર્વમંગલસદ્રૂપનાના-ગુણવિચેષ્ટિતાય નમઃ ।

॥ ઈતિ શ્રી જનમંગલ નામાવલિ સમાપ્ત ॥



શ્રી આદિ નારાયણ કથા

અધ્યાય-૧

પાતું ધર્મમધર્મમુત્ખનયિતું શ્રીભક્તિધર્માઙ્ગતો ।
જાતાયોત્તારકોસલેષુ દયયા સર્વેશ્વરેશાય ચ ।
તૃપ્તિં વાક્યસુધારસૈર્વિદધતે નૈજૈર્નિજાનાં મુહુ- ।
સ્તસ્મૈ શ્રીહરયે નમોઽસ્તુ સહજાનન્દાય સદ્વર્ણિને ॥

કોઈ એક સમયે કેટલાક સાક્ષાત શ્રીહરિના ભક્તોને શ્રીહરિની હૃદયમાં પ્રેરણા થવાથી આનંદ પામીને દુર્ગપુર પ્રત્યે ગયા.

ક્યાં તે ઋષિઓ ? તેમના પ્રધાન પણે નામ કહે છે. હરિશર્મા, નથુભાઈ, લક્ષ્મીરામ, મોહનરામ, ગોવિંદરામ, હેમંતરામ, નારાયણજી, વાલાધ્રુવ, પ્રાણગોવિંદ, પ્રાણશંકર, શોભારામ, જીવરામ, હરિપ્રસાદ. યાજ્ઞિક, ગંગાદત, મયારામ, દુર્લભરામ, ઉત્તમરામ, કૃપાશંકર, વિજયરામ, શિવરામયાજ્ઞિક, આશારામ, સુરભાઈ, દયારામ, નાગજીત, કાશીરામ, વનમાળી, બેચર, મહેશ્વર, નાચિકેત (નાનાભાઈ) ગણપતરામ, નંદુરામ, નિર્ભયરામ, કરૂણાશંકર, દાજીભાઈ, તુલજારામ, ઈશ્વરભાઈ ઈત્યાદિ બહુ ઋષિઓ સંત સમાગમ માટે શ્રીહરિને હૃદયમાં સંભારતા થકા દુર્ગપુર પ્રત્યે આવ્યા.

દુર્ગપુરમાં આવેલા વિપ્રોએ પ્રથમ ઉન્મત્ત ગંગા નદીમાં યથાવિધિ સ્નાન કર્યુ અને પછીથી આનંદથી વ્યાપ્ત

થઈને સાક્ષાત બિરાજમાન શ્રી ગોપીનાથજી મહાપ્રભુના દર્શન કર્યા. તેમને સાષ્ટાંગ પ્રણામ કરી ફળાદિ ભેટ અર્પણ કરીને પછી પોતાના ગુરુ શ્રીરઘુવીરજી મહારાજ તથા બ્રહ્મચારી સાધુ આદિક સર્વના દર્શન કરીને તેમને આદરભાવથી નમસ્કાર કર્યા.

નમસ્કાર કરતા ઉપરના વિપ્રોનો આચાર્ય આદિક સર્વે એ સારો સત્કાર કર્યો. સત્કાર પામેલા વિપ્રો તીર્થમાં કરવા પણે કહેલા વિધિને સારી રીતે કરતા થકા મહા આનંદ પામીને દુર્ગપુરમાં જ ઘણા દિવસો રહ્યા.

એક સમયે હરિશર્મા આદિક વિપ્રોએ સભામાં બેઠેલા શુકાનંદ નામના મહામુનિને બહુ આદરથી નમસ્કાર કરીને આ પ્રકારે પૂછયું.

ઋષિઓ પૂછે છે - હે મહામુને ! આ લોકમાં સર્વ કોઈ મનુષ્યોએ સમગ્ર કષ્ટની નિવૃત્તિ માટે તથા પુત્ર વિત્તાદિકના લાભ માટે તથા સંસાર થકી પોતાની મુક્તિ માટે શું સાધન કરવું જોઈએ ?

હે બ્રહ્મન ! અમે તો સાક્ષાત શ્રીહરિના નિશ્ચય બળથી કૃતાર્થ થઈ રહ્યા છીએ, એટલે અમારે કશો અર્થ નથી. પરંતુ સર્વ મનુષ્યોના સુખને માટે જ અમે પુછીએ છીએ.

સર્વજીવોનું હિત કરવામાં હંમેશા તત્પર એવા શુકાનંદ મુનિ, ભગવાન શ્રીહરિનું સ્મરણ કરીને, પરોપકારી વિપ્રવરોએ સર્વના સુખ માટે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં બોલ્યા.

શુકાનંદ મુનિ કહે છે-હે વિપ્રો ! જડચિદાત્મક સર્વ જગતના મૂળકારણ પરાત્પર જે એક પુરુષોત્તમ નારાયણ છે એ જ આમાં કહ્યા પ્રમાણે સર્વ કષ્ટને હરનારા અને સર્વ સુખને આપનારા છે. અને તે દિવ્ય મૂર્તિ બ્રહ્મધામમાં બિરાજે છે.

સર્વના નિયંતા સર્વાધાર અનેક બ્રહ્માંડોના સ્વામી એવા એ જ મહાપ્રભુ નારાયણ પોતે પોતાના મુક્ત મંડળ સાથે અવનિ ઉપર ધર્મદેવ થકી તેમની પત્નિ ભક્તિમાં હાલ પ્રગટ થયા છે.

આ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ઉત્તમ વ્રત મુમુક્ષુ બુભુક્ષુ સર્વ કોઈ જનોને સુખ પ્રાપ્તિ માટે અને કષ્ટ માત્રની નિવૃત્તિ માટે કરવું સારું છે.

હે વિપ્રો ! આ આદિનારાયણના વ્રતને તુલ્ય બીજા દેવાદિકનું વ્રત છે જ નહીં. કારણ કે આ નારાયણ જે સર્વના મૂળ કારણ પુરુષોત્તમ છે. જેમ સ્વામિનારાયણ પુરૂષોત્તમ થકી બીજુ કોઈ ઉત્તમ નથી તેમ તેમના વ્રત થકી બીજું કોઈ ઉત્તમ વ્રત પણ નથી.

માટે હે વિપ્રો ! શ્રી સ્વામિનારાયણ પુરૂષોત્તમ થકી બીજી દેવાદિકની આસ્થાનો ત્યાગ કરીને તે મહા પ્રભુ શ્રીનારાયણનું જ સર્વ મનોરથને પરિપૂર્ણ કરનારું પવિત્ર વ્રત સર્વેએ પ્રીતિથી કરવું.

આ રીતે શુકાનંદ મુનિએ કહેલા ઋષિઓ ફરીથી પૂછે છે હે બ્રહ્મન ! આદિનારાયણ મહાપ્રભુનું જે વ્રત સર્વજનોને સુખકર હોવાનું તમોએ કહ્યું તે વિધિ સાથે અમને આપ જ કહો. કારણ કે આપ સાક્ષાત શ્રીહરિના કૃપાપાત્ર અને સર્વ અર્થને જાણનારા છો.

આ રીતે વિપ્રોએ પુછેલા શુકાનંદમુનિ હવે વ્રત વિધિને કહે છે. શુકલ પક્ષની સર્વ નવમીઓ, પૂર્ણિમા, અમાવાસ્યાદિ પર્વો અને સર્વ એકાદશીઓ, આ તિથિઓએ આદિનારાયણનું વ્રત શ્રધ્ધાથી કરવું.

હે વિપ્રો ! આચાર્ય થકી દીક્ષાને પામેલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને સચ્છૂદ્ર એવા સ્ત્રી પુરુષોએ આદિનારાયણનું વ્રતભક્તિથી કરવું. આ વ્રતમાં દિક્ષીત ચાર વર્ણને અધિકાર છે.

વ્રત કર્તા જન વ્રત દિવસે પ્રાતઃકાળમાં પ્રતિમા રૂપ શ્રીહરિની સન્નિધિમાં ''હું આ વ્રત કરીશ'' એવો સંકલ્પ કરે.

પોતાની પત્નિએ સહિત એવો પુરૂષ અથવા પોતે એકલો જ પુરૂષ અથવા એકલી પોતે નારી ''હું મારા અમુક મનોરથની સિધ્ધિને માટે શ્રી સ્વામિનારાયણનું વ્રત કરીશ એમ સંકલ્પ કરે.''

વ્રત કર્તા નરનારીએ ત્રણ દિવસ યથોચિત બ્રહ્મચર્ય પાળવું. આ વ્રતમાં મુખ્ય પણે ઉપવાસ કરવો અથવા નક્ત ભોજન (દિવસે નહી જમતા કેવળ રાત્રિએ જમવું)

વ્રતકર્તા જન પ્રાતઃ નિત્યવિધિ કરીને પછીથી ભક્તિધર્મના પુત્ર અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની મહાપૂજા કરે.

આ મહાપૂજા ભગવાનના મંદિરમાં અથવા પોતાના ઘરમાં જ મૃત્તિકા છાણથી લીંપીને શુદ્ધ કરેલા એવા પવિત્ર સ્થળમાં કરે.

વ્રતકર્તા જન પોતાના સંબંધીજનો સ્નેહીજનો, બ્રાહ્મણો અને સાધુજનોને આમંત્રણ આપે અને આવેલા તેઓનું દાન માન અને સત્કારથી યથાયોગ્ય પૂજન કરે.

પ્રથમ પોતાના ઘરને નાનાવિધિ રંગો તથા તોરણો વડે શોભાયમાન કરે. પછી પૃથ્વી લીંપી બાજોઠનું સ્થાપન કરે.

તે પછી પૂજક જન સાવધાન થઈને સમગ્ર પૂજાના ચંદન પુષ્પાદિ પદાર્થોનું સંપાદન કરીને, કામળી આદિકના આસન ઉપર ઉત્તર મુખે અથવા પૂર્વ મુખે બેસે.

તે પછી પૂજક સ્થાપેલા બાજોઠ ઉપર શ્વેત વસ્ત્રથી રમણીય સભાને કરે. તે સભાના મધ્ય ભાગમાં ચોખા અથવા કુંકુમ આદિક વિવિધ રંગો વડે, કર્ણિકા કેસર તથા પત્રોએ કરીને અતિ મનોહર કરે.

આવા કમળના મધ્ય ભાગમાં પ્રતિમારૂપ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ એવા શ્રી હરિકૃષ્ણ મહારાજનું સ્થાપન કરે. તે પ્રભુ કેવા છે ? તો જે બે

ભુજાવાળા કમળના પત્ર સરખા નેત્રવાળા, મેઘસરખા શ્યામવર્ણવાળા, સોનેરી વસ્ત્રોને ધારી રહેલા, જેના વામ ભાગમાં ધર્મદેવ રહ્યા છે, જેના જમણા ભાગમાં ભક્તિદેવી રહ્યા છે અને જે પોતાના ભક્તોને વર તથા અભયને આપનારા છે એવા ભગવાન શ્રીહરિનું સ્થાપન કરે.

આવા આદિનારાયણના પૃષ્ઠ ભાગમાં હાથમાં છત્રને ધારી રહેલા રામપ્રતાપ તથા હાથમાં વીંજણાને ધારી રહેલા ઈચ્છારામનું સ્થાપન કરે.

આવા આદિનારાયણના બે પડખામાં, હાથમાં ચામરને ધારી રહેલા અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીની સ્થાપના કરે.

પોતાના ઈચ્છિતની સિધ્ધી માટે શ્રી સ્વામિનારાયણ શ્રીહરિ મુખ્ય જેમાં છે એવા આ સર્વ દેવોની પૂજા પધ્ધતિમાં કહેલા મંત્રો વડે પૂજા કરવી જો આ દેવોની શ્રધ્ધાથી પૂજા કરે તો તત્કાળ ઈચ્છિત ફળને આપનારા થાય છે.

પૂજક જન આનંદ યુક્ત થઈને આ રીતે મહાપૂજા કરીને, કરાવનાર વિપ્રને દક્ષિણા આપીને સંતોષ પમાડે અને પૂજા સમયે આવેલા બીજા વિપ્રોને પણ યથાશક્તિ દક્ષિણાદિ વડે સંતોષ પમાડે.

તે પછી વ્રત કર્તા જન આ ઉત્તમ કથાને સંબંધી જનોને સાથે રાખીને પ્રાતઃ કાળે અથવા મધ્યાહ્ન કાળે અથવા સાયંકાળે યથાવકાશ સાંભળે.

વ્રતકર્તા નર પૌરાણિક (કથા કરનાર) વિપ્રનો પ્રીતિથી દક્ષિણાદિ વડે બહુ સત્કાર કરે. અને વ્રત થકી બીજે દિવસે બ્રાહ્મણ સાધુને જમાડે.

વ્રતકર્તા સર્વેએ વ્રતદિને નિરાહાર ઉપવાસ કરવો જો આવો ઉપવાસ ન થઈ શકે તો ફળાહાર કરવું.

હે વિપ્રો ! આ વ્રતને પ્રીતિથી યથાવિધિ કરનાર કેટલાક જનોનું તો કષ્ટ નષ્ટ થઈ ગયું છે અને તેઓ સુખિયા થઈ ગયા છે.

હવે એવા કેટલાક આખ્યાન કહે છે. કાનમ દેશમાં આવેલા કરેણા નામના ગામમાં એક નૃસિંહ નામના વિપ્ર ધર્મનિષ્ઠ અને વૈદ્ય શાસ્ત્રમાં બહુ વિચક્ષણ હતા.

તથાપિ કોઈ પૂર્વના અનિષ્ટ પ્રારબ્ધને યોગે આ વિપ્ર ધન-ધાન્યને તો ન જ પામ્યો. તેને માટે બહુ બહુ પ્રયત્ન કરવા છતાં પણ તેને નહિ પામતા બહોળું કુટુંબ હોવાથી બહુ દુઃખી થયો.

તે પછી આ દુઃખી વિપ્રવર્ય નૃસિંહે એક સમયે નારાયણાનંદ નામના બ્રહ્મચારીના શરણને પામીને તેમને પોતાનું બધુ દુઃખ નિવેદન કર્યું.

તે સમયે દયાળુ હૃદયવાળા તે વર્ણિવર્ય વૈદ્યરાજ નૃસિંહ વિપ્ર પ્રત્યે બોલ્યા કે - હે બ્રહ્મન્ ! તમે પત્નિ સાથે આદિનારાયણનું વ્રત કરો. યથાવિધિ વ્રત કરવાથી શ્રી

સ્વામિનારાયણ ભગવાન પ્રસન્ન થશે. અને તેથી તમારું સમગ્ર કષ્ટ નષ્ટ થઈ જશે, એટલું જ નહિ પણ તેથી ધન-ધાન્યાદિકને પામીને મહાસુખને પણ પામશો.

હે વિપ્રો ! આવું વર્ણિનું હિત વચન સાંભળીને આ બ્રાહ્મણ તેમના વચનમાં વિશ્વાસ લાવીને બોલ્યા કે- હે વર્ણિન્ ! તમારા કહ્યા પ્રમાણે હું આદિનારાયણનું વ્રત યથાવિધિ કરીશ.

આજ સમયમાં આ વિપ્રે કોઈ નારાયણ નામના રોગાતુર શેઠીયાએ બોલાવવાથી ત્યાં જઈને તેના રોગનું સારુ ઔષધ કર્યું.

ઔષધ કરવાથી નિરોગી થયેલા તે નારાયણ નામના શેઠિયાને અંતરાત્મામાં સ્વામિનારાયણે પ્રેરણા કરવાથી તેણે તે વૈદ્ય વિપ્રને સો રૂપિયા આપ્યા. રૂપિયા લઈને પોતાના ઘેર આવેલા આ વિપ્રે વર્ણિના કહ્યાં મુજબ આદિનારાયણ વ્રતનો આરંભ કર્યો.

પત્ની સહિત આ નૃસિંહ વિપ્રે આદિનારાયણનું વ્રત યથાશાસ્ત્ર કર્યું અને વ્રતનો ઉપદેશ કરનારા નારાયણાનંદ વર્ણિની અન્નવસ્ત્રાદિ વડે પૂજા કરી.

વ્રતના આદરથી આ વૈદ્ય વિપ્રને દિવસે દિવસે ધનધાન્યનો લાભ થવા લાગ્યો. પર્વના દિવસોમાં વારંવાર વ્રત કરવાથી તો અલ્પ કાળમાંજ આ વિપ્ર ધનાઢ્ય થઈ ગયો.

હે વિપ્રો ! ધનાઢ્ય થયેલો આ નૃસિંહ નામનો વૈદ્યરાજ વિપ્ર, વર્ણિવર્ય નારાયણાનંદજીના વચનથી પોતાને વૃત્તિથી પ્રાપ્ત થતા અન્નધનાદિક આવકમાંથી દશમો ભાગ પ્રતિવર્ષ પોતાના ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણદેવને નિયમથી નિરંતર આપવા લાગ્યો.

ઈતિ શ્રી શતાનંદમુનિ વિરચિતાયાં
શ્રીમદ્ આદિનારાયણ કથાયાં પ્રથમોઽધ્યાયઃ ॥૧॥

શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય

અધ્યાય-૨

શુકાનંદ મુનિ કહે છે હે વિપ્રો ! ગુજરાત દેશમાં વનશર્મા નામનો એક બ્રાહ્મણ હતો. આ બ્રાહ્મણ આ આદિનારાયણ વ્રતના અનુષ્ઠાનથી ભક્તરાજ પુત્રને પામ્યો હતો. કેની પેઠે ? તો જેમ શ્રી હરિજયંતીનું વ્રત કરવાથી શિવગુપ્ત નામનો વણિક ભક્તરાજ પ્રિય પુત્રને પામ્યો હતો તેમ.

આવી વાર્તા સાંભળીને હવે હરિશર્મા આદિક ઋષિઓ કહે છે હે મહામુને ! તમે જે શિવગુપ્ત કહ્યા તે કોણ હતા ? અને તે કયાં ગામમાં રહેતા હતા અને તેમણે કોના ઉપદેશથી મહા પ્રભુનું વ્રત કર્યું હતું ? વળી હે બ્રહ્મન્ ! તે શિવ ગુપ્તે કયા વિધિથી તે વ્રત કર્યું હતું ? આ સર્વ આસ્તિક જનોએ સાંભળવા યોગ્ય હોવાથી અમને તમો વિગતવાર કહો.

આ રીતે તે વિપ્રોએ પુછેલા મહામુનિ શુકાનંદજી પોતાને સુવ્રતમુનિએ (સત્સંગીજીવનમાં) જે કહ્યું હતું તેને સ્મૃતિમાં લાવીને તેમના પ્રત્યે કહેવા લાગ્યા.

શુકાનંદમુનિ કહે છે હે વિપ્રો ! આમોદ નામના નગરમાં કોઈ એક શિવગુપ્ત નામનો મહાન શેઠ હતો. આ શેઠ પોતે બુધ્ધિમાન, જીતેન્દ્રિય, સ્વધર્મનિષ્ઠ અને પવિત્ર હતા.

સર્વ પ્રકારની સમૃદ્ધિએ સંપન્ન હોવા છતા તેને પ્રજા ન હતી એટલે સ્ત્રીએ સહિત બહુ ઉદાસીન અને ચિંતાગ્રસ્ત રહેતા.

ચિંતાતુર આ શેઠે પુત્ર પ્રાપ્તિ માટે બ્રાહ્મણાદિ જને જે જે વ્રતાદિ કરવાનું કહ્યું અને દેવોની માનતા પૂજા કરવાની કહી તે સર્વ કર્યું.

એમ કરવા છતાં પણ પુત્રને નહિ પામેલા ચિંતાતુર આ વણિક, પુત્રની પ્રાપ્તિ કરાવી આપે એવા કોઈ સિદ્ધને પૂછવા માટે તીર્થયાત્રાના મિષથી ભૂતળમાં ફરવા લાગ્યા.

તે તીર્થમાં ફરતા આ શેઠને કોઈ બ્રાહ્મણ વૃત્તાલયમાં વર્તતી ગોમતીજીના તટમાં જોવામાં આવ્યા.

ગોમતી તટે મળેલા, વેદ શાસ્ત્રને જાણનારા ધર્મપરાયણ, કૃષ્ણભક્ત રામશર્મા નામના બ્રાહ્મણને નમસ્કાર કરીને આ શેઠ તેની સમીપે બેઠા.

રામશર્મા વિપ્ર પણ ચિંતાને લીધે અશ્રુપુર્ણ નેત્રવાળા શેઠને જોઈને તેનું વૃત્તાંત પુછવા લાવ્યા. પુછેલા શેઠે પણ પોતાનું કારણભુત વૃત્તાંત વિગતવાર કહી સંભળાવ્યું.

વૃત્તાંત સાંભળીને રામશર્મા વિપ્ર તેના પ્રત્યે બોલ્યો કે-તમે ચિંતાનો ત્યાગ કરીને હું જે ઉપાય બતાવું તેને તત્કાળ કરો. એ ઉપાય કરવાથી તમને પુત્રની પ્રાપ્તિ અલ્પકાળમાં થશે.

શ્રીહરિ જયંતિ નામનું વ્રત તમો પ્રીતિપૂર્વક યથાવિધિ કરો. આ વ્રત કરવાથી ધર્માદિ ચાર વર્ગમાં જે ઈચ્છિત હશે તે તત્કાળ સિધ્ધ થશે.

આ પ્રમાણે રામશર્મા વિપ્રે કહેલો તે શિવગુપ્ત શેઠ બોલ્યો કે-તમે જેમનું જયંતી વ્રત કરવાનું કહ્યું તે શ્રીહરિ ક્યાં ? તે સર્વ મને કહો. મારે તો તમે જ વિશ્વાસ પાત્ર છો તો તમારા કહેવા પ્રમાણે શ્રી હરિજયંતી વ્રત હું કરીશ.

વિપ્ર હવે કહે છે-હે શેઠ ! જે અક્ષરાધિપતિ પરબ્રહ્મપુરૂષોત્તમ નારાયણ છે એ જ સાક્ષાત ધરાતળમાં સ્વેચ્છાથી અવતર્યા હતા. અવતરીને હરિકૃષ્ણ નારાયણ એવા નામથી વિખ્યાત થયા હતા. એમના બીજા પણ ગુણ કર્માનુસારી મંગળ નામો હરિકૃષ્ણ, ઘનશ્યામ, નીલકંઠ, સ્વામી સહજાનંદ, સ્વામિનારાયણ આદિક વર્તે છે. ઈત્યાદિ અનેક દિવ્ય નામોથી પ્રખ્યાતિને પામેલા અને દિવ્ય ઐશ્વર્ય સંપન્ન એવા શ્રીહરિ થોડા સમય ઉપર પ્રાદુર્ભવ્યા છે. તેમનું અવતાર ચરિત્રાદિ ટુંકમાં હું હવે કહી સંભળાવું છું.

પૃથ્વી ઉપર કળીયુગ આવવાથી શાસ્ત્રીય ઉત્તમ જ્ઞાન અને સદ્ ઉપદેશનો લોપ થયો. ધર્મનો આડંબર કરી પાખંડી લોકો પ્રજાજનોને આડે રસ્તે દોરવાનો ઉપદેશ કરવા લાગ્યા અને મદ્ય માંસ ભક્ષણનો પ્રચાર કરી સનાતન વૈદિક ધર્મનું ખંડન કરવા લાગ્યા. આવી વિકટ પરિસ્થિતિ ઉત્પન્ન થવાથી કલ્યાણનો માર્ગ સઘળે બંધ થયો તે વખતે દયાળુ અંતઃકરણવાળા અખિલ લોકનાયક પરાત્પર પુરૂષોત્તમ સત્ય સંકલ્પ શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના અક્ષરમુકતોએ સહિત આ બ્રહ્માંડ પ્રતિ પધારી સદ્ઉપદેશ દ્વારા એ ભવાટવીમાં ભમતા અનેક સ્ત્રી પુરૂષોને પોતાની મૂર્તિમાં જોડવાને દિવ્ય ધર્મની સ્થાપના કરવા પધાર્યા.

આ ભરતખંડમાં આવેલા ઉત્તર કૌશલ દેશમાં છપૈયા નામથી વિખ્યાત એક ઉત્તમ ગામ વર્તે છે. તેમાં એક નિર્મળ બુદ્ધિવાળા સદા પવિત્ર દેવશર્મા નામના વિપ્રવર હતા. આ વિપ્ર ધર્મમાં જ સતત દ્રઢ સ્થિતિને લીધે ધર્મ એવા પણ સાર્થક નામથી પ્રખ્યાતિને પામ્યા હતા. તેમના પત્ની કૃષ્ણભક્તિમાં તત્પર હોવાને લીધે ભક્તિ એવા નામથી વિખ્યાતિને પામ્યા હતા.

તે આ ધર્મભક્તિ દંપતી વિષય રોગે રહિત, ધર્માનુષ્ઠાનથી શુદ્ધ હૃદયવાળા અને જીતેન્દ્રિય થઈને સર્વના હૃદયમાં અંતર્યામિપણે વર્તતા સર્વેશ્વર શ્રીકૃષ્ણનું જ હૃદયમાં નિરંતર એકાંતિક ભાવથી ધ્યાન ધરતા હતા.

કળિબળથી બહુ વૃધ્ધિને પામેલા, અસુરોએ જ્યાં ત્યાં વારંવાર અત્યંત પીડા પમાડેલાં પણ આ દંપતિએ પોતાની ધીરજતાનો કયારેય ત્યાગ કર્યો જ નહિ.

તે ધર્મ-ભક્તિને હનુમાનજી પણ સન્નિધિ આપીને સમગ્ર કષ્ટ થકી રક્ષા કરતા હતા.

સ્વધર્મે સહિત ભક્તિમાં દૃઢ સ્થિતિને પામેલા આ દંપતિએ વૃંદાવનમાં આવીને અનન્ય ભાવથી શ્રીકૃષ્ણનું આરાધન કરવા પૂર્વક યથાવિધિ વિષ્ણુયાગ કરીને સાક્ષાત તેમની પ્રસન્નતા મેળવી હતી.

દંપતિ ઉપર પ્રસન્ન થયેલા ભગવાને અસુરોએ ચોમેર પ્રવર્તાવેલો અધર્મનો તત્ક્ષણ નાશ કરવાની ઈચ્છાથી તે દંપતિ થકી અવતાર ધારણ કરવાનો શુભ સંકલ્પ કર્યો.

ધર્મ જેમને પ્રિય છે, સર્વ દેવોના દેવ એવા આ શ્રી પુરૂષોત્તમનારાયણ દિવ્યાકૃતિને જ મનુષ્ય આકૃતિ પણે કરીને ઉત્તર કૌશલ દેશમાં વસંતઋતુમાં ચૈત્રમાસના શુકલ પક્ષની નવમી તિથિએ સોમવારે પુષ્ય નક્ષત્રમાં બીજા પહોરની ત્રીજી ઘડીમાં તે દંપતિના પુત્ર ભાવથી ભુમિ ઉપર પ્રગટ થયા.

તે સમયે શુભ સુચક અનેક મંગળ ચિન્હો પૃથ્વીમાં પ્રવર્ત્યા હતા. ધર્મ સેવી સજ્જનોના હૃદયમાં હર્ષ ઉપજયો હતો. વિપ્રાદિકના દ્રોહી એવા મનુષ્યના હૃદયમાં બહુ જ ભય ઉપજયો હતો.

બાળ મનુષ્ય લીલાને ધારી રહેલા આ ભગવાનના જાતકર્મ આદિ ઉપનયન અંતે જેમાં છે એવા સર્વ સંસ્કારો સારી રીતે પિતા ધર્મદેવે કર્યા અને હરિકૃષ્ણ આદિક મંગળ નામોને ધારી રહેલા આ પ્રગટ ભગવાને માતા-પિતાના પુત્રભાવને પામી ને બાળ લીલા, અલૌકિક ઐશ્વર્ય, શીલ અને વૃત્તાદિક વડે તેમને બહુ જ રાજી કર્યા હતા.

પોતે યજ્ઞોપવિત દીક્ષા ગ્રહણ કર્યા બાદ પોતાના માતા તથા પિતાને જ્ઞાનામૃતનું પાન કરાવ્યું અને પોતાની સમીપમાં દિવ્ય દેહે રાખ્યાં, ત્યાર પછી અનેક જીવોનું કલ્યાણ કરવા વનમાં વિચરણ કરી, ગોપાળયોગી તથા નવલખા પર્વત ઉપરના તપસ્વીઓને ઘનશ્યામ મહારાજે પોતાનું જ્ઞાન આપી અક્ષરધામના અધિકારી કર્યા પછી જગન્નાથપુરી, માનસપુરી વિગેરે સ્થળેથી ઉપદેશ દ્વારા અધર્મનું નિકંદન કરી કથારૂપી અમૃત પાઈને શુદ્ધ ભાગવત ધર્મનું સ્થાપન કર્યું.

ત્યાં રહેલા ધર્મદ્વિષીઓનો પોતાના પ્રબળ પ્રતાપથી નાશ કરવા પૂર્વક ધરા ઉપર ધર્મની સ્થાપના કરી.

વળી આશ્રિત જનોમાં સ્વધર્મજ્ઞાન વૈરાગ્યે યુકત એવી એકાંતિકી ભક્તિની પ્રવૃત્તિ કરાવી તેવી ભક્તિની પ્રવૃત્તિ જોઈને જ ધર્મદ્વિષી અસુરો તો તત્ક્ષણ અતિશય ક્ષોભ પામી ગયા.

તે દેશમાં જે અધર્મ માર્ગમાં વર્તનારા અસુર ગુરુઓના ઘણાં મંડળો હતા, ધર્મદ્રોહી રાજાઓ હતા, 'અમે જ બ્રહ્મ છીએ' એવા શુષ્ક જ્ઞાનના અભિમાનવાળા હતા,જે ભક્તિને દંભથી આચરનારા દંભી ભકતો હતા, આ સર્વે પણ ભગવાન શ્રીહરિએ કરેલી ધર્મ સ્થાપના અને તેનું અલૌકિક ઐશ્વર્ય નહિ સહન થવાથી તેમના મહા દ્રોહમાંજ પ્રવર્ત્યા હતા.

શ્રીહરિના દ્રોહમાં પ્રવર્તેલા તે દુર્જનો દ્રોહાચરણથી પોતે જ શસ્ત્રોને ધારીને પરસ્પર પ્રહાર કરતા હજારો હજાર નાશ પામી ગયા.

એવી રીતે વનમાં ફરી હજારો મુમુક્ષુઓને સદરસ્તે વાળી અધર્મ નાશ કરવા માટે તેજ પ્રભુ સંવત ૧૮૫૬માં વનવિચરણ પુર્ણ કરી લોજપુરમાં પધાર્યા પીપલાણામાં રામાનંદ સ્વામી પાસેથી ભાગવતી દીક્ષા લઈ જેતપુરમાં ધર્મધૂરા સંભાળી ને સંપ્રદાયની અભિવૃધ્ધિ માટે જન સમાજનું આત્યંતિક કલ્યાણ કરવા માટે ને સંપ્રદાયને કાયમ પોષણ મળે માટે અખંડ કથાવાર્તા કિર્તન, ઉત્સવ સમૈયાઓ કરી અનેક જનોને ભક્તિ કરતા કર્યા.

અનેક જન્મોથી ભવસાગરમાં ભટકતા જીવોને સુખીયા કરવા અક્ષરધામનો ધોરી રસ્તો બાંધ્યો. વર્ષો સુધી

સતત કથામૃત પાઈને સ્ત્રીઓ, પુરૂષો સંતો હરિજનો વગેરેને નિઃસ્વાર્થી ને નિઃર્વ્યસની કરી આત્યંતિક મોક્ષના અધિકારી બનાવ્યા.

આવી રીતે પોતાનો પ્રતાપ પ્રગટ કરતા ભગવાન શ્રીહરિએ આ ભૂમિમાં વિચરીને અધર્મ સર્ગ કામાદિકનો નાશ કર્યો અને અસુરોએ લોપી નાખેલા ધર્મ સર્ગ, અહિંસા આદિકની પ્રવૃત્તિ કરી કેટલાક જનોને વિના સાધને સમાધિ કરાવી. સમાધિમાં પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરાવ્યા કેટલાક તો કલ્યાણ શું છે ? ધર્મ શું છે ? મોક્ષ શું છે ? આવું નહિ જાણનારા, ભગવાનના પ્રતાપને નહિ જાણનારા, આવા જીવો જો પોતાને શરણે આવે તો તેને પણ યમપુરી થકી મુકાવીને સુખીયા કર્યા. મુમુક્ષુ જનોએ તો આજ કલ્યાણ કરનારા સર્વોપરી ભગવાન છે, અનંત બ્રહ્માંડોના માલિક આ એક જ પૂર્ણ પુરૂષોત્તમ છે એવો દ્રઢ નિશ્ચય કરીને તે પ્રભુના જ ચરણનો આશરો કરતા હતા.

કેટલાક જનોએ શ્રી હરિના ચરણતળામાં ધ્વજ, કમળ, ઉધ્વરેખા વગેરે ચિન્હોને જોઈને જ તેમનો સર્વેશ્વરપણે નિશ્ચય કરીને તેમનો સમાશ્રય કર્યો હતો.

બીજા કેટલાક જનોએ સમાધિ કરાવવાનું ઐશ્વર્ય અવલોકીને પણ તેમનો સર્વેશ્વરપણે નિશ્ચય કરીને તેમનો સમાશ્રય કર્યો હતો.

કેટલાક જનોએ તો આ શ્રીહરિના આશ્રિત સાધુજનોની શાસ્ત્રોક્ત અસાધારણ ધર્મનિષ્ઠાને જોઈને શ્રીહરિનો પરમેશ્વરપણે નિશ્ચય કરીને તેમનો સમાશ્રય કર્યો હતો.

જે કેટલાક દંભી, પાખંડી, ભગવાનથી વિમુખ હતા તેને પોતાનું અસાધારણ અલૌકિક ઐશ્વર્ય-આશ્ચર્યરૂપ બતાવીને પોતાના અનન્ય આશ્રિત કર્યા હતા.

એવા હજારો જનો શ્રીહરિના સંકલ્પથી જ ધ્યાન, ધારણા આદિકના પ્રયત્ન વિના જ શ્રીહરિની કૃપાથી સમાધિને પામ્યા હતા અને તે સમાધિમાં પોતપોતાના ઈષ્ટદેવરૂપે શ્રીહરિને જ જોઈને પરમ હર્ષને પામ્યા હતા.

સમાધિથી બહાર આવેલા તેઓ અતિ આશ્ચર્યને પામીને શ્રીહરિને જ પોતાના ઈષ્ટદેવપણે નિશ્ચય કરીને, પ્રથમ માનેલા પોતાના મતનો તુરત ત્યાગ કરીને તેમના શરણને પામીને મુક્તિ માટે તેમની જ આજ્ઞામાં રહીને પ્રભુ ભજતા હતા.

જે નરો શુષ્ક વેદાંતીઓ હતા તેમને તો તત્કાળ સપ્રમાણ વાદથી જીતીને સાક્ષાત્ દિવ્યાકૃતિ પરબ્રહ્મનું જ પ્રેમપૂર્વક ઉપાસન સ્વીકારાવ્યુ હતું.

જે વિપ્રોએ આ શ્રીહરિનો આશ્રય કર્યો હતો તે સર્વે સ્નાન સંધ્યા આદિક ષટકર્મમાં તત્પર, શમ દમાદિ આત્મગુણોએ સંપન્ન થઈને શ્રીહરિની ભક્તિમાં પ્રવર્ત્યા હતા.

જે શ્રીહરિના આશ્રિત વર્ણિજનો તથા સાધુજનો હતા તે સર્વે દૃઢ બ્રહ્મચર્ય વ્રતધારી થઈને, કળિકાળમાં બીજાઓથી ન ધારી શકાય એવા બૃહદ્‌વ્રતને અષ્ટપ્રકારે પાળવાની સાથે સમગ્ર સાધુગુણોએ પરિપૂર્ણ હોવાથી લૌકિક સાધુઓ થકી અત્યંત વિલક્ષણ જણાતા હતા.

લોકમાં બીજા પણ ઘણા વર્ણાશ્રમીઓ સ્વધર્મને યથાશાસ્ત્ર નિત્ય આચરતા થકા શ્રીહરિના પ્રતાપથી પોતામાં રહેલા કામ ક્રોધાદિ બધા દોષોને છોડીને તેમને ભજતા હતા.

લોકમાં જે સધવા-વિધવા સ્ત્રીઓ શ્રીહરિના સમાશ્રયવાળી પાતિવ્રત્ય ધર્મથી અને બ્રહ્મચર્યવ્રતથી પરિપૂર્ણ હોઈને, સ્વધર્મને નહિ ઉલ્લંઘન કરતી થકી તે ભગવાનમાં પરાભક્તિ રૂપ ઉત્તમ સ્થિતિને પામી હતી.

વળી આ ભગવાને જન્માષ્ટમી આદિક દિવસોએ શુદ્ધ મહાસામગ્રી વડે મહારાજાઓને પણ આશ્ચર્ય ઉપજે એવા મહોત્સવો અને અન્નકૂટાદિ ઉત્સવો પણ વારેવારે કર્યા હતા.

વળી આ શ્રીહરિએ મહારાજાઓને પણ આશ્ચર્ય ઉપજે એવા અનેક વિષ્ણુયાગો કરાવ્યા હતા અને બહુ માસ પર્યંત અસંખ્યાત વિપ્રો તથા સાધુઓને અનેકવાર જમાડ્યા હતા.

વળી આ પરોપકારી શ્રીહરિએ ઘણાં ગામોમાં યાત્રાળુ લોકોના સંતોષ માટે અનેક અનુકુળ અન્નસત્રો બંધાવ્યા હતાં. કેવા ? તો જેમાં આવેલા યાત્રાળુ લોકો આશ્ચર્યથી બહુ સુખને પામતા હતા.

વળી આ શ્રીહરિએ તે તે પ્રદેશોમાં જીવોના હિત માટે વાવો, કુવાઓ, તળાવો અને ધર્મશાળાઓ પણ કરાવી હતી. તથા બ્રહ્મપુરીઓ દાનમાં આપી હતી.

વળી ઘણા બ્રાહ્મણ બાળકોને ઉપયોગી ઘણું દ્રવ્ય ખર્ચીને ઉપવીત સંસ્કાર કરાવ્યો હતો તેમજ ઘણા વિપ્ર કન્યાદાનો બહુ દ્રવ્યનો ખર્ચ કરીને યથાવિધિ કરાવ્યા હતાં.

વળી બહુ પ્રતાપી આ શ્રીહરિએ પોતાના આશ્રિત ધર્મનિષ્ઠ કેટલાક જનોને મહાઋણથી પીડા પામતા તે ઋણ આપવા અસમર્થ તેઓને બહુ ધન આપીને તુરંત દેણદારો થકી મુકાવ્યા હતા.

વળી કેટલાક વિપ્રોને કુટુંબ પોષણમાં ઉપયોગી વાર્ષિક ધનની આવક પણ બાંધી આપી હતી, જેથી હોમકર્મને હાની નહિ પહોંચતા તેની સિધ્ધિ થાય.

વળી ધર્મ પોષક આ શ્રીહરિએ અમાવાસ્યાદિ પર્વ સમયે પૂર્ણ દક્ષિણા સાથે ગાયો, ભૂમિ સુવર્ણ આદિક મહાદાનો વિપ્રવરોને યથાવિધિ બહુવાર અપાવ્યા હતા.

વળી સુખ સ્વરૂપ આ ભગવાનને કેટલાક પોતાના અનન્ય ભક્તોને બ્રહ્મપુર, ગોલોક આદિ દિવ્ય ધામો ત્યાનાં મહા આશ્ચર્યો સાથે સમાધિમાં સંકલ્પ માત્રથી બહુ વાર બતાવ્યા હતાં.

વળી અત્યંત શક્તિવાળા આ શ્રીહરિએ પોતાના પૂર્વે થઈ ગયેલા વરાહાદિ અવતારોને પણ તેમના ઉપાસક કેટલાક જનોને સંકલ્પ માત્રથી બતાવ્યા હતા. વળી આ ભગવાને સ્વશક્તિથી સાક્ષાત્કાર પણ કરાવ્યો હતો.

બલિષ્ઠ શત્રુજનોએ રાજલક્ષ્મી હરિ લેતા રાજ્ય થકી ભ્રષ્ટ થયેલા કેટલાક રાજાઓ આ શ્રીહરિનો સમાશ્રય કરવાથી જ ફરી રાજ્ય લક્ષ્મીને પામીને પૂર્વના કરતાં પણ અધિક સમૃદ્ધિને પામ્યા હતા.

વળી આ શ્રીહરિના અનેક સકામ ભક્તો પુરૂષાર્થ સિધ્ધિને પામ્યા હતાં. અનેક નિષ્કામ ભક્તો પણ આ શ્રીહરિના સંકલ્પથી જ આ લોકમાં ભુક્તિરૂપ સુખ અને પરલોકમાં મુક્તિરૂપ પરમ સુખને પામ્યા હતાં.

પોતાના અંતર્ધ્યાન પછી પણ પોતાના ભકતોને અખંડ મૂર્તિનું સુખ મળે ને કાયમ સત્સંગ ટકી રહે તેને માટે મોટા મોટા મંદિરો કરી મૂર્તિઓ સ્થાપન કરી પૂજન વિધીનો આરંભ કર્યો. ઘોર કળીયુગમાં ભવબંધનથી મુકત થવા સારૂં કથાવાર્તાને ભગવત પૂજન જેવું બીજું કોઈ અમોઘ સાધન નથી અને કથાવાર્તા સિવાય જીવમાં સારા ગુણ આવતા નથી. એટલે જ પરમહંસોમાં અગ્રગણ્ય મુકતાનંદ સ્વામીને જીવન પર્યંત કથાવાર્તા કરવાનો આદેશ કરેલો, કથાવાર્તાના

અભ્યાસી મુમુક્ષુઓ દિવ્ય દેહે અક્ષરધામમાં ગયા એવા હજારો દાખલા સંપ્રદાયમાં છે. માયાના બળને તોડનાર ભગવાનના ચરિત્રની કથા છે. સુખ સુખ ને સુખ જ જો હૃદયમાં ભરેલું રાખવું હોય તો તે ભગવાનની મૂર્તિનું સ્મરણ છે. શાંતિમય જીવન જીવવું હોય તેને ભગવત પૂજા ખૂબ જ ઉત્તમ છે. અને બાઈ ભાઈ સૌ સહેલાઈથી પ્રભુના ગુણ ગાઈ શકે ને આત્યંતિક આત્મશ્રેય સાધી શકે તેવા હેતુથી જ આ પાંચ અધ્યાયનો પ્રબંધ કરવામાં આવ્યો છે. ભગવાનની કથા આ લોકને, પરલોકમાં સુખનું સાધન છે. અને આ સર્વોપરી ભગવાનનો આશરો કરી તેના જ ગુણ ગાઈને લક્ષાધિ મનુષ્યો આ લોકમાં પરમ સુખી થાય છે.

વળી શ્રીહરિની મૂર્તિમાં મન રાખવાથી આવનારા અનેક દુઃખ ટળી જાય છે. એવો વર શ્રીહરિએ સત્સંગમાં આપ્યો છે એટલે જ ભગવાનનું પૂજન અને ભગવાનની કથા દરેકને અતિ શ્રેયકર ને લાભદાયી છે.

આ પ્રકારે પૃથ્વી ઉપર ધર્મ પ્રવર્તાવીને મનુષ્ય નાટયને તિરોધાન કરશે એવા આ શ્રીહરિને નિરવધિ કૃપાથી જનોના કલ્યાણ માટે પોતાની ધર્મધુરા ધર્મવંશમાં સ્થાપન કરી છે.

ઈતિ શ્રી શતાનંદમુનિ વિરચિતાયાં
શ્રીમદ્ આદિનારાયણ કથાયાં દ્વિતીયોઽધ્યાયઃ ॥૨॥

શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય

અધ્યાય-૩

રામશર્મા કહે છે :- હે શિવગુપ્ત ! આ લોકમાં આવા કલ્યાણકારી અનેક આશ્ચર્યકારી ચરિત્રોને કરતા એવા સાક્ષાત્ આ શ્રીહરિ સર્વ જનોએ સર્વ પ્રકારે આશ્રય કરવા યોગ્ય છે.

આ સ્વામિનારાયણ શ્રીહરિ અહીંથી અંતર્ધ્યાન થઈ ગયા છે તથાપિ કયારેક કયારેક પોતાના ભક્તોને પોતાની ઈચ્છાથી જ પોતાનું સાક્ષાત દર્શન આપે છે.

સમસ્ત સ્વભક્તોને દેહાવસાન સમયે આ સ્વયં શ્રીહરિ કૃપાથી પોતાનું દર્શન આપીને તેઓનું યમદૂતો થકી રક્ષણ કરીને મુક્તિને આપે છે.

સ્વામિનારાયણ શ્રીહરિના જન્મદિવસે ઉપવાસ સાથે મહોત્સવ કરવો તેથી સમસ્ત વાંછિત સિદ્ધ થાય છે એવો મને અનુભવ છે.

નિષ્કામ ત્યાગી જન પણ આ વ્રતના અનુષ્ઠાનથી જ્ઞાન વૈરાગ્યની દૃઢ સિદ્ધિ અને તેથી શ્રીહરિમાં ભક્તિને પુષ્ટિ પામે છે.

ધર્માર્થી ધર્મને પામે છે, ધનાર્થી ધનને પામે છે, મોક્ષાર્થી ઈપ્સિત મોક્ષને પામે છે, ભાર્યાથી ભાર્યાને પામે છે, પુત્રાર્થી પુત્રને પામે છે. એમ આ વ્રતથી સર્વ અર્થની સિદ્ધિ થાય છે માટે આ વ્રત ચૈત્ર માસના શુકલ પક્ષની નવમી તિથીએ અવશ્ય કરવું.

આ શ્રીહરિ જયંતિ વ્રતમાં ચારેય વર્ણોને તથા તેમની સ્ત્રીઓને પણ અધિકાર છે માટે શ્રેયની ઈચ્છાવાળા સ્ત્રી-પુરૂષોએ શ્રીહરિનું આ વ્રત અવશ્ય કરવું.

શ્રીહરિના આશ્રિત વ્રતકર્તા સ્ત્રી-પુરૂષોએ આ વ્રતમાં નવમીનો ઉપવાસ સર્વથા જ કરવો. ફળાહારાદિ ન કરવું અને તે ભગવાનની મહાપૂજા કરવી અને રાત્રિએ જાગરણ કરવું.

વ્રત કર્તા નર નવમીએ અરુણોદય સમયે ઉઠીને શ્રીહરિકૃષ્ણનું ચિંતન કરતો થકો દેહ શુધ્ધિને કરે. બે હાથ જોડી પ્રાર્થના કરી નિયમ ગ્રહણ કરે.

વ્રતકર્તા જન આ પ્રકારે નિયમ ગ્રહણ કરીને નિત્યકર્મને સમાપ્ત કરે. વ્રત દિવસે વ્યવહારિક કાંઈપણ કર્મ કરે નહિ.

વ્રત દિવસે વ્રતિએ જે કર્મ ભગવાનની પરિચર્યારૂપ હોય તેજ કરવું, બીજું ન કરવું, બ્રહ્મચર્ય વ્રત પાળવું, ક્રોધ તો સર્વ પ્રકારે ત્યાગ કરવો. દિવસની નિંદ્રાથી, એકપણ અન્નકણના ભક્ષણથી ઉપવાસનો નાશ થાય છે, માટે વ્રતદિને આ સર્વ વર્જવું.

આ વ્રતમાં પ્રવર્તેલી સ્ત્રીઓએ ઉપવાસના દિવસે બહુ વસ્ત્રો ધોવા નહિ, વસ્ત્રો સિવવા નહિ અને કોઈ સાથે કજીયો કરવો નહિ.

વ્રત કર્તા નરે દિવસે પુષ્પાદિ પૂજા પદાર્થોથી શ્રીહરિની પૂજા કરવી.

વ્રત દિવસે પવિત્ર પ્રદેશમાં મંડપ કરવો. આ મંડપને કેળના થાંભલા, અને વિચિત્ર વસ્ત્રો, વિવિધ પુષ્પો અને આસોપાલવના પાન તથા આંબાના પલ્લવો વગેરે વડે સુશોભિત કરવો.

તે પછી મંડપના મધ્યમાં બાજોઠ ઉપર રકતાદિ પાંચવર્ણના રંગોથી રંગેલા આખા જીણા ચોખા વડે રચેલા સર્વતોભદ્ર નામના શુભ મંડળ અથવા તેવા તાંદુલથી રચેલા અષ્ટદળવાળા કમળમાં તામ્રકળશને જળથી ભરીને વ્રતકર્તા સ્થાપન કરે.

તે તામ્રકળશમાં પંચરત્ન તથા પંચ પલ્લવાદિકને મૂકે, આવા કળશ ઉપર સ્થાપેલા તામ્રપાત્ર વિશે અમૂલ્ય વસ્ત્રાદિ વડે રચેલા શ્રેષ્ઠ આસનમાં યથાશક્તિ કરાવેલી કાંચનમયી શ્રીહરિની પ્રતિમાને સ્થાપન કરે.

સ્થાપેલી તે પ્રતિમાની પૂજા કરે, જે મંદિરમાં આ શ્રીહરિકૃષ્ણની ભક્તિ-ધર્મ સાથેની પ્રતિમા અચલા કે ચલા હોય ત્યાં તેની પૂજા યથાવિધિ વ્રતકર્તાએ કરવી. શ્રીહરિની સુવર્ણમયી પ્રતિમા કરાવીને પુજા કરવી.

શ્રીહરિના જમણા ભાગમાં ભક્તિ પ્રતિમા સ્થાપવી. ડાબા ભાગમાં ધર્મમૂર્તિ સ્થાપવી આવા શ્રીહરિના પશ્ચિમ

ભાગમાં, હસ્તકમાં છત્રને ધરી રહેલા રામપ્રતાપ સ્થાપવા તથા હસ્તમાં વિંજણાને ધરી રહેલા ઈચ્છારામ સ્થાપવા.

ધર્મભક્તિના અગ્ર પ્રદેશમાં હસ્તમાં ચામરને ધારી રહેલા અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજીને સ્થાપવા શ્રીહરિની આગળ હાથમાં રૂમાલને ધારી રહેલા ઉધ્ધવાવતાર શ્રી રામાનંદ સ્વામીને સ્થાપવા.

તે પછી વ્રતકર્તા ભગવાન શ્રીહરિની મહાપૂજાને યથાવિધિ કરે. રાત્રિએ શ્રીહરિની દિવ્ય કથાના શ્રવણ કિર્તનાદિ વડે જાગરણ કરે.

નિરાહાર ઉપવાસ કરવા, અશક્ત એવો વ્રતકર્તા તો રાત્રીએ શ્રીહરિના પૂજનને અંતે કિંચિત ફળાહાર કરે અથવા અડધો શેર દૂધ પીએ.

બીજે દિવસે પ્રાતઃકાળે ઉઠીને સ્નાનાદિ નિત્યકર્મ કરી પરવારીને ફરીને શ્રીહરિને પુજા કરી વિસર્જન કરે. પૂજેલી તે પ્રતિમા વિપ્રને આપે અને બ્રાહ્મણો તથા સાધુઓને જમાડે.

તે પછી વ્રતધારી જન સ્વજનો સાથે પારણા કરે આ રીતે વ્રત કરવાથી વ્રતીના સર્વ મનોરથો સફળ થાય છે.

આવા પૂજનાદિકમાં અશક્ત પુરૂષોએ તો બીજા કોઈ સમર્થે પૂજેલી શ્રીહરિ પ્રતિમાના દર્શન કરીને ભક્તિથી પ્રણામ જ કરે તથા શ્રીહરિના એકાંતિક ભકત સાધુજનોના દર્શન કરી ભક્તિથી પ્રણામ કરે.

તેટલા માત્રથી પણ આ અસક્ત પુરૂષોને સાક્ષાત કરેલા પૂજનના ફળને અનાયાસથી પામે. આ વ્રતનો આવો મોટો મહિમા છે. તો સર્વ જનોએ આ વ્રત કરવું.

હે શિવગુપ્ત ! તમો તો આ શ્રીહરિ જયંતી વ્રતને ઉદ્યાપને સહિત નિશ્ચે કરો. આ વ્રતના અનુષ્ઠાનથી આલોકમાં પુત્ર ફળને પામીને અંતે મુક્તિને પામશો.

શુકાનંદમુનિ કહે છે- હે વિપ્રો ! રામશર્મા વિપ્ર આ પ્રકારે શિવ ગુપ્તને કહીને પછીથી સમગ્ર ઉદ્યાપન વિધિ કહી સંભળાવ્યો. શિવ ગુપ્તે પણ આ ધર્મપુત્ર શ્રીહરિ સાક્ષાત શ્રી પુરૂષોત્તમ નારાયણ જ છે એવો નિશ્ચય કરીને તેમનો દૃઢપણે આશ્રય કર્યો.

તે પછી પોતાને ઘેર આવીને શિવગુપ્તે ભાર્યા સાથે યથાવિધિ વ્રત કર્યું. વ્રતથી પ્રસન્ન સ્વામિનારાયણ મહાપ્રભુના અનુગ્રહથી અલ્પકાળમાં તેને સત્પુત્રની પ્રાપ્તિ થઈ.

હે વિપ્રો ! તે પછી પણ હરિ ભક્તો પોતપોતાના ઈષ્ટ કાર્ય નિર્વિઘ્ન સિધ્ધિ માટે આ વ્રતને કરીને ઈચ્છિત અક્ષય ફળને પામ્યા હતા.

ઈતિ શ્રી શતાનંદમુનિ વિરચિતાયાં
શ્રીમદ્ આદિનારાયણ કથાયાં તૃતીયોઽધ્યાયઃ ॥૩॥
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય

અધ્યાય-૪

શુકાનંદ મુનિ કહે છે- હે વિપ્રો તમોએ જે શિવ ગુપ્તનું આખ્યાન પૂછયું તે સઘળું મેં તમને કહી સંભળાવ્યું. તેવી જ રીતે બીજી અવશ્ય સાંભળવા યોગ્ય વાર્તા હું કહું છું તેને એકાગ્ર મનથી તમે સાંભળો.

ચરોતર દેશના અધિપતિ, મહુધાપુરના નિવાસી, ધર્મનિષ્ઠ, આસ્તિક, અજય નામના કોઈ એક પાટીદાર અમીન હતા.

આ શેઠ મોક્ષ માટે આ ભરતખંડમાં જેટલા તીર્થક્ષેત્રો પ્રસિદ્ધ છે તે સર્વમાં ફર્યા તથાપિ પોતાના મોક્ષરૂપ મનોરથની સિદ્ધિને પામ્યા નહિ.

તે પછી દૈવેચ્છાએ પોતાને ઘેર આવેલા મહામુનિ મુકતાનંદજીના દર્શન થતાં તેમના શરણને પામ્યા.

શરણને પામેલા અજયને મહામુનિ મુકતાનંદે શ્રીહરિનો સુદ્રઢ નિશ્ચય કરાવ્યો. દૃઢ નિશ્ચયવાળા આ અજુભાઈ સાક્ષાત શ્રીહરિને પામીને પોતાને કૃતાર્થ માનવા લાગ્યા.

અને સચ્છાસ્ત્રના અભ્યાસથી અને સાધુ સમાગમથી શ્રીહરિના દૃઢ ભક્ત થયા. આ અજુભાઈના હૃદયમાં ગુપ્તપણે પુત્રની ઈચ્છા થઈ.

ધન ધાન્ય આદિક સંપતિએ સંપન્ન એવા પણ આ શેઠને, પુત્ર વિના મનમાં અસંતુષ્ટ રહેતા. નિશ્ચય કરાવનારા

મુકતાનંદમુનિ તો અક્ષરવાસી થયેલા હોવાથી મુકુંદાનંદ વર્ણિના શરણને પામીને પ્રાર્થના કરવા લાગ્યા.

હે સમર્થ વર્ણિરાજ ! તમે પ્રત્યક્ષ શ્રીહરિના મહાકૃપાપાત્ર છો. પૃથ્વી ઉપર તમારું જે વિચરણ છે તે અમારા જેવા અર્થી લોકોના શ્રેય માટે જ છે.

હે બ્રહ્મન્ ! તમો સમગ્ર પ્રાણીઓના સંકલ્પોને અંતરાત્માપણે જાણો છો. એટલે તે મારે કહેવાની જરૂર નથી. તો સકામ એવો હું તે મારુ વાંછિત સંપૂર્ણ કરો.

હે વિપ્રો ! આ રીતે શેઠે પ્રાર્થના કરેલા વર્ણિરાજ મુકુંદાનંદ તેમના અભિપ્રાયને જાણતા હોવાથી મંદમંદ હસતા થકા હરિભક્ત પ્રતિ આ પ્રકારે બોલ્યા.

હે અજુભાઈ ! હમણાં જ તમો પત્ની સાથે આદિનારાયણનું વ્રત શ્રદ્ધાપૂર્વક પ્રીતીથી કરો કેમકે આ વ્રતમાં શ્રીહરિની બહુ પ્રસન્નતા વર્તે છે.

આ રીતે અજુભાઈએ વર્ણિએ કહેલા વિધિને અનુસારે શ્રીહરિનું વ્રત કરીને મંડળ સાથે વર્ણિની પૂજા કરીને લક્ષ્મીનારાયણ દેવની નિરંતર પૂજા પ્રવાહની સિદ્ધિ માટે કેટલીક જમીન શ્રીકૃષ્ણાર્પણ કરી.

અને બ્રહ્મચારી તથા બીજા પણ બહુ હરિભક્તો બ્રાહ્મણોને મિષ્ટાન્ન ભોજન વડે સંતુષ્ટ કરીને વર્ણિની આજ્ઞાથી પોતે સબંધીજનો સાથે પારણા કર્યા.

આ વ્રતના અનુષ્ઠાનથી તેમની ઉપર શ્રી સ્વામિનારાયણ ભગવાનની અતિશય પ્રસન્નતા થઈ તેથી તેમને ગુણે કરીને પોતાને તુલ્ય, હરિકૃષ્ણમાં ભક્તિ નિષ્ઠાવાળા અને પોતાના કુળને ધરનારા એવા સુપુત્રને પામ્યા.

હે વિપ્રો શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના પ્રસાદનો આદર તથા અનાદર કરવાથી જે ઈષ્ટ અનિષ્ટ ફળ થાય છે તે હવે હું સંક્ષેપમાં કહું તેને સાંભળો, જેના શ્રવણથી તેનું માહાત્મ્ય સમજવામાં આવે.

મારવાડ અને ગુજરાત દેશના મધ્યમાં વર્તતા દેશનો અધિપતિ ઈડરપુર નિવાસી એક ગંભીરસિંહ નામના રાજા હતાં. આ રાજા સાક્ષાત શ્રીહરિ થકી તો વિમુખ હતા.

આ રાજા એક સમયે મનુષ્યપુરમાં સાક્ષાત્ મહાપ્રભુ શ્રીહરિના અનન્ય ભક્ત અને પોતાના સંબંધી એવા આનંદજીતને ઘેર આવ્યા.

આ દિવસે ભકતવર્ય આનંદજીતે પ્રત્યક્ષ સ્વામિનારાયણ શ્રીહરિનું વ્રત કર્યુ અને તેની સમાપ્તિમાં સાધુ બ્રાહ્મણોને જમાડ્યા.

તે પછી હરીભક્ત આનંદજીતે ગંભીરસિંહ રાજાને સ્વામિનારાયણ મહાપ્રભુનો પ્રસાદ આપવા માંડયો પણ રાજાએ કુસંગને લીધે તેમજ રાજ્ય મદને લીધે પ્રસાદનો અનાદર કર્યો.

આનંદજીત ભકત તો આ રાજાને ભવિષ્યમાં થનારા અનિષ્ટને અંતર્યામી પણે જાણીને કાંઈ પણ બોલ્યા જ નહિ. અનંતર રાજા ત્યાંથી પોતાના પૂર પ્રત્યે પાછા આવ્યા.

આ રાજાને ભગવત્પ્રસાદનો અનાદર અને વળી ભગવત્ ભક્તનો અપરાધ આ બે કારણોથી પુત્ર થયો નહિ.

વળી આ રાજાએ પુત્ર પ્રાપ્તિ માટે વિપ્રાદિજનોએ જે જે વ્રતાદિક કરવાનું કહ્યું તે સર્વ પણ યથાવિધિ કર્યું અને ઘણા દેવોની માનતા બાધાઓ પણ કરી.

આ રીતે બહુ પ્રયત્ન કરવા છતા પુત્રને નહિ પામતા તેનું અંતરમાં ચિંતન કર્યા કરતા, ભક્તરાજ આનંદજીતને પણ સંભારતા, વૃદ્ધ દશામાં આવી ગયેલા આ રાજાને સદભાગ્ય વશાત અચાનક આકાશવાણી થઈ.

થયેલી આકાશવાણી કહે છે હે રાજન્ ! તમે કુસંગને લીધે એક તો સ્વામિનારાયણ શ્રીહરિના દેવદુર્લભ પ્રસાદનો અનાદર કર્યો છે અને બીજુ પ્રત્યક્ષ શ્રીહરિના એકાંતિક ભક્તની દુર્બુધ્ધિથી અવજ્ઞા કરી છે આ કારણથી તમને પુત્ર થતો નથી માટે હવે હે ભૂપ ! જે ઉપાય કરવાથી પુત્ર થાય એવો ઉપાય કરો.

આવી આકાશવાણી સાંભળીને ગંભીરસિંહ રાજા ભકતરાજ સંબંધી આનંદજીતને બહુ આદરથી પોતાને ઘેર બોલાવીને વિનયથી બોલ્યા.

હવે તમે મારી ઉપર પ્રસન્ન થાવ. તમે જેમ કહેશો તેમ હવે હું નિષ્કપટ થઈને કરીશ. ભકત એવા આનંદજીત દયાળુ હોવાથી તેનું ઉત્તમ હિત ઈચ્છતા થકા તેના પ્રત્યે બોલ્યા.

હે રાજન્ ! તમે કુસંગનો ત્યાગ કરીને સર્વ પ્રકારે સત્સંગી થાવ. અને ભક્તિધર્મના પુત્રા ભગવાન શ્રીહરિકૃષ્ણનું પ્રતિદિન ધર્મસહિત આરાધન કરો. જ્યારે તમો આ રીતે કરશો ત્યારે હું તમારી ઉપર પ્રસન્ન થઈશ આ થકી બીજા પ્રકારથી હું પ્રસન્ન થઈશ નહિ. આવું ભકતરાજ આનંદજીતનું હિત વચન સાંભળી રાજા સત્સંગી થયા અને હરિ ભક્તિમાં તત્પર થયા.

રાજાએ પોતાના દેશમાં જ મંડળ સાથે ફરતા વર્ણિવર્ય વાસુદેવાનંદજીને પોતાના પુરમાં તેડાવ્યા.

આવેલા વર્ણિન્દ્રને બહુ આદરભાવથી પુરમાં પધરાવીને સાષ્ટાંગ પ્રણામ કરીને સારી રીતે જમાડીને પૂજા કરીને સેવામાં તત્પર થયા.

સેવાથી સંતુષ્ટ થયેલા વર્ણિન્દ્ર હરિભક્ત છતા પણ સકામ એવા રાજાની પુત્રેચ્છાને જાણીને તેમજ તેણે કરેલા શ્રીહરિનો અપરાધ તથા તેમના ભકતનો કરેલો પ્રથમ અનાદર અને પછી કરેલો આદર તેણે પણ જાણીને, સ્વયં કૃપાનિધિ હોવાથી તે રાજા પાસે આદિનારાયણ શ્રીહરિનું વ્રત યથાવિધિ કરાવીને તેમનો મહાપ્રસાદ રાજાને જમાડીને તેમના પ્રત્યે પ્રસન્નતાથી બોલ્યા કે હે રાજન્ ! તમારો મનોરથ જલદી સંપૂર્ણ થશે, માટે હવે તમે ચિંતાએ રહિત થાવ.

શુકાનંદમુનિ કહે છે હે વિપ્રો ! વૃધ્ધ એવા પણ રાજાને યુવસિંહ નામના સત્પુત્રની પ્રાપ્તિ થઈ. તે પછી આ રાજાએ વર્ણિની આજ્ઞાથી ઈડરમાં મોટું શિખરબંધ મંદિર કરાવ્યું.

કરાવેલા તે મંદિરમાં રાજાએ ગોપીનાથજી નામની ભગવન્મૂર્તિની પ્રતિષ્ઠા કરાવીને તે દેવની પૂજામાં નિરંતર ઉપર્યુક્ત પદાર્થોની સિદ્ધિ માટે વર્ષાસનાદિ બાંધી આપ્યા.

આજ રીતે બીજા કેટલાક ભકતજનો પણ શ્રી સ્વામિનારાયણના ભગવાનના પ્રસાદને અતિ આદરથી ગ્રહણ કરીને આ લોક પરલોકમાં પોતપોતાના મનોરથની સિદ્ધિને પામ્યા હતા.

સભામાં બેઠેલો કોઈ વેદબાહુ નામના વિપ્ર, વૈકુઠાનંદવર્ણિ થકી આદિનારાયણનો પ્રસાદ પ્રેમથી સ્વીકારવા વડે સતપુત્રને પામ્યો તથા શ્રીહરિમાં દુર્લભ દાસ ભાવને પામ્યા.

હે વિપ્રો ! ઘણા મનુષ્યો આ વ્રતનો તથા વ્રતકર્તાનો અપરાધ કરવાથી કષ્ટને પામ્યા હતા, તેઓની એક વાર્તા હું સંક્ષેપમાં કહું છું તે સાંભળો.

ઈતિ શ્રી શતાનંદમુનિ વિરચિતાયાં

શ્રીમદ્ આદિનારાયણ કથાયાં ચતુર્થોઽધ્યાયઃ ॥૪॥

શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય

અધ્યાય-૫

શુકાનંદ મુનિ કહે છે- હે વિપ્રો ! એક સમયે સદગુરુ શ્રી ગોપાળાનંદ મુનિ વટપત્તનમાં વાસ કરી રહ્યા હતા. આ સદ્‌ગુરુએ મહાપૂજાદિ લક્ષણવાળુ આદિનારાયણ વ્રત આનંદાનંદ વર્ણિ પાસે યથાવિધિ કરાવ્યું એ અવસરે એ સ્થળમાં ત્યાગી ગૃહી ભકતોની મોટી સભા ભરાઈ હતી.

આવી સભાના સમયમાં એક દક્ષિણી દ્વિજ નારૂપંત નામના આવ્યા. આ દ્વિજ સયાજીરાવ રાજાના મંત્રી, શ્રીહરિના ભક્ત, પ્રશંસાપાત્ર ગુણોએ કરીને તો સર્વેને સત્કાર કરવા યોગ્ય, રાજાએ આપેલી પોતાની છત્ર-છડી આદિક શોભાએ સંપન્ન અને ધન ધાન્યાદિ વૈભવે કરીને તો સર્વ થકી અધિક હતા. આવો આ મંત્રી સભાસદ જનોએ યથોચિત સન્માન કર્યા થકા સભ્યોને નમસ્કાર કરીને આસનમાં બેઠા.

સભામાં બેઠેલા રાજમંત્રી, તે સમયે થતી ભગવાનની મહાપૂજા આદિકનો વિસ્તાર જોઈને કોઈ પૂર્વના અનિષ્ટ દૈવની પ્રેરણાથી આવું વચન બોલ્યા કે આ મહાપૂજાદિક બહુ કરવાની કશી જરૂર નથી. લક્ષ્મીપતિ ભગવાન શું ભૂખ્યા છે ? મહાપ્રભુ સ્વયં શ્રીકૃષ્ણ તો પૂર્ણકામ હોવાથી ભકતોના ભાવની અપેક્ષાવાળા છે. પણ વસ્તુની અપેક્ષાવાળા નથી. માટે આ બધુ કરવાની જરૂર નથી.

આવુ ગર્વગર્ભિત વચન લક્ષ્મી મદને લીધે ગોપાળાનંદાદિ મોટા સાધુઓને પણ નહિ ગણીને સર્વને સાંભળતા જ બોલ્યો.

વળી રજોગુણથી આવરિત આ રાજમંત્રી નારૂપંતે મોટા સદગુરુ વગેરે સજજનોને સાંભળતા જ કોઈ દિન હરિભકતનો તિરસ્કાર કર્યો.

આવું નારૂપંતનું વચન સાંભળીને સભ્યો તો કશું પણ બોલ્યા નહીં. નારૂપંત મહાપૂજાની સમાપ્તિ પહેલા જ ત્યાંથી ઉઠીને પોતાને ઘેર ગયા.

આ બે મહા અપરાધે કરીને રાજાનું અનિષ્ટ કરવાની ઈચ્છાવાળા દુર્જનોને ગુપ્તપણે સહાય કરનારા થયા. આ બધી બાબત સયાજીરાવ રાજાની જાણમાં આવતા તેની ઉપર બહુ કોપાયમાન થયા.

કોપને પરિણામે મહારાજાએ નારૂપંતને પ્રથમ અધિકારમાંથી દૂર કરીને પછીથી તેનું ઘર ધન-ધાન્ય-ક્ષેત્રાદિ સર્વસ્વ હરિ લઈને તેનો પોતાની દ્રષ્ટિ થકી પણ ત્યાગ કરી દીધો.

આ રાજા નારૂપંતને પ્રત્યક્ષ શ્રીહરિના અનન્ય ભકત જાણીને બીજા અપરાધ કર્તાઓની પ્રાણહાનિ સાથે ફકત તેમના પ્રાણથી હાનિ કરતા અચકાયા.

પ્રાણહાનિથી બચેલા આ નારૂપંત, રાજકૃત અનાદરથી અન્ન-વસ્ત્ર વગેરેના કષ્ટને પામ્યા અને પછીથી પોતે હરિભક્ત હોવાથી મનમાં દુઃસહ પશ્ચાતાપને પામ્યા.

આ અસાધ્ય કષ્ટના નિવારણ માટે આત્મબુધ્ધિથી બહુ ઉપાય કર્યા તથાપિ અલ્પ પણ સુખને પામ્યા નહિ.

દારિદ્રય દુઃખથી દીનતાને પામેલા આ નારૂપંત, નિઃશ્વાસ સાથે રૂદન કરતા થકા બે હાથ જોડીને જેમની સન્નિધિમાં ભગવાન તથા ભકતનો અપરાધ કર્યો છે એ જ સદગુરુ ગોપાળાનંદમુનિ શરણને પામ્યા.

હે વિપ્રો ! યોગીરાજ ગોપાળાનંદમુનિ પણ દયાનિધિ હોવાથી અતિ નમ્રતાએ યુક્ત અને બહુ દીન વચનને બોલનારા નારૂપંત ઉપર બહુ દયા કરીને, તેની સામું જોઈને, પશ્ચાતાપને પામેલા તેની પાસે આદિનારાયણનું વ્રત બહુ આદરથી વિધિપૂર્વક કરાવ્યું.

તે પછી નારૂપંત વિપ્રે ગોપાળાનંદ મુનિના કહેવા પ્રમાણે અતિ ગદ્‌ગદ્‌ થઈ બહુ પ્રેમથી ચંદન પુષ્પાદિ વડે શ્રી લક્ષ્મીનારાયણદેવ તથા સાધુ બ્રાહ્મણોની પૂજા કરી.

પછી જેનો જેનો પોતે પ્રથમ અપરાધ કર્યો હતો તે તે ભકતજનોને પ્રણામ કરીને તેમને પ્રસન્ન કરીને, આ લોકમાં દિવ્ય વૈભવ અને પરલોકમાં મુક્તિને પામ્યા.

હે વિપ્રો ! આવું અદ્‌ભુત શ્રી સ્વામિનારાયણ શ્રીહરિના વ્રતનું મહાત્મ્ય વર્તે છે. માટે આ લોકમાં-ને પરલોકમાં કષ્ટની નિવૃત્તિને અર્થે અને મહાસુખની પ્રાપ્તિને અર્થે સર્વ જનોએ આ વ્રત શ્રદ્ધાથી કરવું.

હે વિપ્રો ! જે મનુષ્યને જે જે સ્ત્રી-પુત્ર-વિત્ત વગેરે અપેક્ષિત હશે તે સર્વ પણ આ શ્રી હરિવ્રતના અનુષ્ઠાનથી નિશ્ચે સિદ્ધ થશે. જો મુક્તિની ઈચ્છા હશે તો તે પણ ધર્મપુત્ર શ્રીહરિના પ્રસાદથી મળશે એમાં સંશય નથી.

હવે શુકાનંદમુનિ સમાપ્તિમાં ઈષ્ટદેવ શ્રીહરિને નમસ્કાર કરે છે, આ સર્વોત્તમ વ્રતને કરનારા જનોને ઈચ્છિત સુખ આપનારા અને સ્વામિનારાયણ મંગળ નામ જેમનું છે એવા અવતારી શ્રીહરિ તમને તથા તમારા આશ્રિત જનોને હું નમસ્કાર કરું છું.

ત્યાર પછી હાથ જોડીને હરિશર્મા વિપ્ર મુખ્ય જેમાં છે. એવા પૂર્વોક્ત સમસ્ત શ્રોતાઓ બહુ હર્ષ પામીને પ્રણામ કરવા લાગ્યા.

સભામાં બેઠેલા વિપ્રવર્ય મયારામ ભટ્ટ, દીનાનાથભટ્ટ, પ્રાગજી પુરાણી, આ ત્રણ પંડિતો શુકાનંદમુનિનું વચન સાંભળતા જ બહુ પ્રસન્ન થઈને શતાનંદમુનિ પ્રત્યે બોલ્યા.

પંડિતો બોલ્યા, હે મુનિરાજ ! આ શુકાનંદે બહુ સારી આ વાર્તા કરી પણ વાર્તા અલ્પ શ્રદ્ધાવાળા મનુષ્યોને પણ ઈચ્છિત ફળને આપનારી છે.

માટે હે મુને ! આપે સત્સંગીજીવન ગ્રંથમાં તો ભકતોએ જાણવા યોગ્ય, કરવા યોગ્ય, પામવા યોગ્ય બધી જ બાબતો વિસ્તારથી કહી છે. પણ આટલી વાર્તાના વર્ણનવાળો એક સર્વોપરિ નાનો ગ્રંથ કરો એવી અમારી પ્રાર્થના છે.

આ ગ્રંથ રચવા રૂપ શુભ કર્મથી ધર્મભક્તિના પુત્ર એવા શ્રી સ્વામિનારાયણ શ્રીહરિ તથા તેમના આશ્રિત ત્યાગી-ગૃહિ સમસ્ત ભકતો મારી ઉપર પ્રસન્ન થાવ અને હું તે સર્વેને પ્રણામ કરું છું.

હવે આ ગ્રંથના શ્રવણ-કિર્તનનું ફળ કહે છે જે જન આદિનારાયણ શ્રીહરિના વ્રતના વિધિને ભક્તિથી સાંભળે અથવા કિર્તન કરે તે બંને જનો વ્રતના અધિદેવ શ્રીહરિના અનુગ્રહથી વ્રતના ફળને અને ઈપ્સિત બીજા સર્વ અર્થને નિશ્ચે પામે છે.

ઈતિ શ્રી શતાનંદમુનિ વિરચિતાયાં
શ્રીમદ્ આદિનારાયણ કથાયાં પંચમોઽધ્યાયઃ ॥૫॥

ઈતિ શ્રી આદિનારાયણ કથા સંપૂર્ણ

શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય

(કથા વંચાય રહ્યા પછી થાળ ધરાવવો)

થાળ

આવજો છોગલાં ધારી, મારે ઘેર આવજો છોગલાં ધારી
લાડુ જલેબીને સેવ સુંવાળી, હું તો ભાવે કરી લાવી છું...મારે
સુરણ પૂરણને ભાજી કારેલા, પાપડવડી વઘારી
વંતાક વાલોળના શાક કર્યા, મેં તો ચોળાફરી છમકારી...મારે
કાજુ કમોદનો ભાત કર્યો, મેં તો દાળ કરી બહુ સારી
લીંબુ કેરીના લેજો અથાણા, કઢી કરી છે કાઠીયાવાડી...મારે
લવીંગ સોપારીને પાનબીડી તજ, લવીંગ એલચી સારી
નિશદિન આવોતો ભાવેકરી ભેટુ, એમ માગે જેરામ બ્રહ્મચારી..મારે

આરતી

જય સદગુરુ સ્વામી પ્રભુ, જય સદગુરુ સ્વામી
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી....પ્રભુ...

અથ વિસર્જનમ્

(હવે હાથ જોડી રાખવા)

: શ્લોક :

સ્વસ્થાનં ગચ્છ દેવેશ પૂજામાદાય મામકીમ્
ઈષ્ટકામ પ્રસિદ્ધ્યર્થં પુનરાગમનાય ચ ॥

ૐ અનંતકોટી બ્રહ્માંડાધિશ્વરસ્ય ભગવતે શ્રી સ્વામિનારાયણાય નમઃ, શ્રી હરિકૃષ્ણાય નમઃ, શ્રી પૂર્ણપુરુષોત્તમાય નમઃ

ૐ સાંઙ્ગાય સપરિવારાય ભગવતે શ્રી સ્વામિનારાયણાય સદા મમ હૃદયે નિવાસ કરોતુ ।



શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર અમરેલી (કેરીયા રોડ), અમદાવાદ (દાનેવપાર્ક), સુરત (ચીકુવાડી) તથા બોટાદ (લક્ષ્મીનારાયણ પાર્ક) આ ચારેય કેન્દ્રોમાં થતી ધાર્મિક તથા સામાજિક પ્રવૃત્તિઓ...

પ્રેરક :- પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબા

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમકાલિન સમયમાં જીવુબા, લાડુબા વગેરે સાંખ્યયોગી બહેનો ભગવાનનું ભજન કરતા હતા. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જેમ સંતો ગામડે ફરી હરિભક્તોને ઉપદેશ આપી સત્સંગ કરાવતા એવી જ રીતે ''કરે પુરૂષ પ્રબોધ રૂડા પુરૂષને રે, કરે ત્રિયા ત્રિયાને ઉપદેશ રૂડી ઉધ્ધવ મતની કહું રીતડી રે'' એ અનુસાર સાંખ્યયોગી બહેનો પણ ગામડે ગામડે ફરી મુમુક્ષુ, ભાવિક ભક્તજન બહેનોને સત્સંગ કરાવી શકે છે.

સંવત ૨૦૫૪માં પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબાએ ગામડા ફરવાની શરૂઆત કરી. અમરેલી, જૂનાગઢ, રાજકોટ, જામનગર, ભાવનગર, વડોદરા, અમદાવાદ, સુરત, મુંબઈ, સુરેન્દ્રનગર વગેરે જીલ્લાઓના ગામડાઓ તથા ગુજરાત પ્રદેશ, ઝાલાવાડ પ્રદેશ, ઘણી જગ્યાએ દિકરીઓની છાત્રાલયોમાં વગેરે શહેરો તથા ગામડાઓ તેમજ વિદેશમાં ફરી અનેક નાની-મોટી યુવાન, વડીલ, વૃદ્ધ બહેનોમાં, નાની દિકરીઓમાં સંસ્કાર આવે તેવી ઉપદેશાત્મક વાતો કરી, પૂજાપાઠ કરતા કર્યા છે. ભગવાનને રસ્તે વાળવા સંપ્રદાયના નિયમ-ધર્મ પાળવા તથા કેવી રીતે જીવન જીવવું જોઈએ તેવી વાતો કરી અનેક મુમુક્ષુ જીવાત્માઓને ભગવાનને રસ્તે વાળ્યા છે.

આજના કલુષિત વાતાવરણની બાળમાનસ પર થતી વિપરીત અસર બાલિકાઓ સુધી ન પહોંચે, બાલિકાઓ બચપણથી જ સુંસ્કારી ને ધાર્મિક બને, મહિલાઓના ઉત્કર્ષ અને ઉત્થાન તેમજ આજની

યુવા પેઢીમાં ભારતીય સંસ્કૃતિ જળવાઈ રહે તથા નાની બાલિકાઓમાં બાળપણથી ઉત્તમ સંસ્કારોનું સિંચન થાય તે માટે શ્રીહરિની દિવ્ય પ્રેરણાથી તથા પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબાના શુભ સંકલ્પથી, ભાવિક ભક્તોના સાથ સહકારથી અમરેલી (કેરીયા રોડ)માં વિ.સં. ૨૦૫૦ની સાલમાં પ્રથમ સંસ્કાર કેન્દ્રની તથા અમદાવાદ (દાનેવપાર્ક)માં વિ.સં. ૨૦૬૦ કારતક સુદ-૯(નવમી)એ દ્વિતીય સંસ્કાર કેન્દ્રની તેમજ સુરત(ચીકુવાડી)માં વિ.સં. ૨૦૬૦ આસો સુદ-૧૦ (દશમી) એ તૃતીય સંસ્કાર કેન્દ્રની સ્થાપના તેમજ વિ.સં. ૨૦૬૬ના બીજા વૈશાખ સુદ - ૮ ને શુક્રવાર તા. ૨૧-૫-૨૦૧૦ ના રોજ ચતુર્થ સંસ્થા બોટાદ શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્રની પૂ. ગુરૂજીના હસ્તે સ્થાપના કરવામાં આવી.

શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલ સર્વજીવ હિતાવહ સંદેશાઓને વિશેષ જતન અને પોષણ માટે મહિલા મંદિરો તથા આવા સંસ્કાર કેન્દ્રોની ખાસ આવશ્યકતા છે. પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબાએ પોતાનું સમગ્ર જીવન સેવા પરાયણ બનાવી દીધું છે, પોતાની સમગ્ર આધ્યાત્મિક શક્તિનો સર્વજીવ હિતાવહ કાર્યમાં સદ્‌ઉપયોગ કરી ઘણા વર્ષોથી ધાર્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિ કરી રહ્યા છે. જેવી કે....

- કલુષિત વાતાવરણથી બચી બચપણથી જ સુસંસ્કારી બને તે માટે બાલિકા મંડળો, યુવતી મંડળોની સ્થાપના તેમજ સંસ્કાર શિબિરો.
- મહિલાઓના ઉત્કર્ષ ઉત્થાન માટે મહિલા મંડળોની સ્થાપના, બાલિકા, યુવતીઓ તથા મહિલાઓના સાંસ્કૃતિક કાર્યક્રમો.
- દરેક એકાદશીએ સત્સંગ સભાઓ, દર પંદર દિવસે આત્મીય મહિલા મંડળ તેમજ યુવતી મંડળની સભા પણ કરવામાં આવે છે.
- સમૂહ મહાપૂજા તેમજ આદિનારાયણની કથાઓ.

- ગામડાઓમાં તથા શહેરોમાં મહિલા ભક્તોના ભજન ભક્તિના વેગ વધારવા માટે સાં.યો. બહેનો દ્વારા અખંડ ધૂન, મંત્રલેખન, કિર્તન-ભક્તિ, સત્સંગ સભાઓ તેમજ મહિલા સત્સંગ વ્યાખ્યાનમાળાઓના આયોજનો.
- શ્રી સ્વામિનારાયણ સપ્રદાયમાં વર્ષ દરમ્યાન ઉજવાતા વિવિધ પ્રકારના ધાર્મિક ઉત્સવો.
- વિશેષ સત્સંગ માટે સત્સંગ સંવર્ધન સભાઓ સાથે શાકોત્સવ, તુલસી વિવાહ મહોત્સવો એવમ્ યાત્રા પ્રવાસો.
- દરિયાપાર અમેરિકા, લંડન, આફ્રિકા, દુબઈ વગેરે દેશોમાં મહિલાઓના સત્સંગ પોષણ માટે સત્સંગ વિચરણ.
- ગરીબોને માટે અનાજ વિતરણ, મફત છાશ વિતરણ, વૃક્ષારોપણ, રક્તદાન કેમ્પ, સ્ત્રીરોગ નિદાન કેમ્પ, નેત્ર નિદાન કેમ્પ, હોસ્પિટલમાં ફ્રુટ તથા દવા વિતરણ, ઉકાળા વિતરણ, દુષ્કાળ, અતિવૃષ્ટિ તથા અનાવૃષ્ટિમાં સહાય વગેરે સામાજિક કાર્યો આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.
- સંસ્થા તરફથી પૂજ્ય બેન દ્વારા સમાજમાં દિકરીઓના લગ્ન પ્રસંગે સંસ્કાર કરિયાવર (આશીર્વાદપત્ર) અર્પણ કરવામાં આવે છે.
- નૂતન સાહિત્ય પ્રકાશનો અનાદિમુક્ત જીવુબા, સંત મૂળદાસ, વચનામૃત સાર સંપૂટ, શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતન, શિક્ષાપત્રી, હરિસ્મૃતિ, નિત્ય પ્રાર્થના, આદિનારાયણ કથા જેવી પુસ્તિકાઓ તેમજ દરવર્ષે દર્શન કરતાં હરખાઈ જાય એવા કેલેન્ડરોનું પ્રકાશન શ્રી સ્વા. મહિલા સંસ્કાર કેન્દ્ર અમરેલી દ્વારા થઈ રહ્યું છે આ સાથે સોશ્યલ મીડિયા દ્વારા પૂ.લીલાબા તેમજ સાં.યો.બહેનોના કંઠે થયેલ કથા, કીર્તન, દર્શન-શ્રવણ માટે અમારી યુ-ટ્યુબ ચેનલ Amreli Mahila Mandir & Swaminarayan Amreli પર લાઈવ કથા તથા અવનવા સમૈયા-ઉત્સવના દર્શન કરી શકશો.

- પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ લિખીત સર્વ શાસ્ત્રના સારરૂપ શિક્ષાપત્રી અનુસાર સત્શાસ્ત્રોમાં વાંચનથી વિચારો સારા બને અને જીવમાં ભક્તિ જાગે છે. સારા શાસ્ત્રો માનવ જીવન સફળ બનાવવાની ચાવીઓ છે. માટે આ કેસેટો તથા પુસ્તકો આપ સૌના ઘરમાં વસાવો અને પ્રભુ ભક્તિમાં મનને જોડો.
- શ્રીજી મહારાજની આજ્ઞા અનુસાર સત્સંગ કરવો અને કરાવવો એ જ ધ્યેય પ્રમાણે ગામડાઓમાં તથા શહેરોમાં ફરી સાંખ્યયોગી બહેનો સત્સંગ કરાવે છે.

પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબાની પ્રેરણાથી
''જીવન સુધારણા યજ્ઞ એવમ્ સત્સંગીની નિત્ય દિનચર્યા''

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ ગઢપુરથી સંતોને આજ્ઞા કરેલી કે, હે !... મારા વા'લા સંતો ! તમે ગામડા ફરીને મુમુક્ષુ જીવોને ઉપદેશ આપીને મોક્ષમાર્ગે વાળો તેમાં અમારો ખૂબજ રાજીપો છે.

''ત્યારે નાથ કે તારવા જંત રે, દેશો દેશ ફરો બુદ્ધિવંત રે.
પછી મુક્તને આપી આગન્યા, તમે ફરો દેશવિદેશ.
દૈવી જીવોને ઉપદેશ કરવા, સંત મંડળ મોકલ્યા ફરવા.
જાઓ ફરવા સંતો ઉર્વી આજ, ઓર તમે જતીયા.
સંતો સહુ સંપીને રહેજો, ધર્મ સંદેશો સહુને કહેજો.
મમત્વ રાખો ઘરધણી થઈને, સતસંગ વધારો ઉપદેશ દઈને.
વળતા મુનિ એમ બોલિયા, શું શું ધરાવીએ વર્તમાન.
કઈ પેર ભજન કરાવીએ, કઈ પેરે ધરાવીએ ધ્યાન.
ચોરી આદિક નિયમ ધરાવજો, કરી વાતો કથા દેશોદેશ''.
.....સમૈયે વેલા આવજો.''

વહાલા મુમુક્ષુજનો... ! સંપ્રદાયમાં દાખલ થવાનું પહેલું પગથીયું વ્રતમાન ધરાવવા પડે (વિધિ સહિત કંઠી બાંધવી તે.)

વ્રતમાન ધરાવીને પછી કંઠી ધારણ કરીએ એટલે આપણા જીવનો સંબંધ ભગવાન સાથે થયો. જીવની જવાબદારી ભગવાને માથે લીધી કે હવે આ જીવ મારો થયો. તેને આલોકમાં સુખી કરી અંતે કલ્યાણ કરવું. માટે વ્રતમાન અવશ્ય ધરાવવા જ પડે. કંઠી પહેરી અને ભગવાનના આશ્રિત થવું જોઈએ. વ્રતમાન એટલે પાંચ નિયમ - દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું નહિ ને વટલાવવું નહિ...

સહુ ભક્તોએ ભક્તિમાં વધારો કરવો. આપણે કેટલા નિયમ પાળવા તે વિગત ખંતથી જીવનમાં ઉતારીને અમલમાં મુકવાનો આગ્રહ રાખવો.

નીચેના નિયમો પાળવા તે જીવનમાં ખાસ જરૂરી છે...

(૧) સૂર્ય ઉગ્યા પહેલાં જાગવું ને ભગવાનનું સ્મરણ સાથે શૌચ-સ્નાનાદિક ક્રિયા કરવી (શિક્ષાપત્રી શ્લોક-૪૯)

(૨) દરેક ભક્તોએ વ્યક્તિગત પૂજા કરવી, પાંચ માનસીપૂજા કરવી, ''સ્વામિનારાયણ'' મહામંત્રની અગિયાર માળા કરવી. અખંડ જાપ કરવો.

(૩) ઘર મંદિરમાં ઠાકોરજીના દર્શન કરવા. આરતી સાથે સ્તુતિ, પ્રાર્થના ઘરના સર્વે સભ્યોએ સાથે મળીને કરવા.

(૪) દરરોજ સવારમાં માતા-પિતા, સાસુ-સસરા, વડિલો સર્વેને નમસ્કાર-વંદન સાથે જયશ્રી સ્વામિનારાયણ કરવા તથા ઘરના અન્ય સભ્યોને જયશ્રી સ્વામિનારાયણ કરવા.

(૫) ઘરમંદિરમાં ઠાકોરજીને સવારે દૂધ સાથે નાસ્તો વગેરે ધરાવવો.

(૬) પોતાના ગામમાં કે શહેરમાં આપણું મંદિર હોય ત્યાં નિત્ય દર્શને જવું. સમયની અનુકૂળતા પ્રમાણે કથા સાંભળવી,

કિર્તનો બોલવા. સવારે મંગળા આરતી તેમજ સાંજની સંધ્યા આરતી કરવા માટે મંદિરે જવું.

(૭) દરરોજ સાંજે સ્વાભાવિક ચેષ્ટા, નિત્યનિયમોના પદો બોલવા. ઉચ્ચે સ્વરે ધૂન-કિર્તન, ભજન કરવું. મંદિર કે ઘરે નિયમો થઈ શકે તેમ ન હોય તો પોતે જ્યાં હોય ત્યાં સવાર તેમજ સાંજના નિયમો મહારાજની આજ્ઞા પ્રમાણે કરી લેવા.

(૮) ઘરનું કામકાજ ને વ્યવહારિક કાર્યો શ્રી હરિની સ્મૃતિ સહિત સ્મરણ કરતાં કરવું.

(૯) ઘરમાં બિરાજતાં મહારાજને દરરોજ સવાર, બપોર, સાંજ થાળ ધરાવીને ઘરના સભ્યોને ભોજન આપવું.

(૧૦) દરરોજ વચનામૃત, ભક્તચિંતામણી, શિક્ષાપત્રી, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીમદ્ સત્સંગીજીવન, સ્વામીની વાતો, હરિલીલામૃત, શ્રી હરિ ચરિત્રામૃતસાગર જેવા ધાર્મિક ગ્રંથોનું વાંચન સમયને અનુસાર કરવું.

(૧૧) દર મહિને બે એકાદશી તેમજ સુદ પક્ષની હરિજયંતીના દિવસે ઉપવાસ કરવો, શક્ય ન હોય તો ફરાળ કરવું. પરંતુ અનાજ તો લેવું જ નહિં. શ્રીજી મહારાજની આજ્ઞા બરાબર પાળવી.

(૧૨) મનમાં ''સ્વામિનારાયણ'' મંત્રનો જપ કરતાં ઠાકોરજી જમાડવાં (ભોજન કરવું)

(૧૩) ચોરી, નિંદા, પારકી પંચાત ન કરવી, જુઠું ન બોલવું, અપશબ્દો ન બોલવા, અસભ્યતાવાળુ વર્તન ન રાખવું, વાણી મીઠી બોલવી, કોઈની સાથે અબોલા ન રાખવા. પ્રેમથી બોલવું.

(૧૪) કોઈનો દ્રોહ ન કરવો. અભાવ-અવગુણ ન લેવા. દરેકનો ગુણ જ લેવો, સંગ સારો રાખવો. કોઈની સાથે ઈર્ષ્યા ન કરવી.

(૧૫) બહારનું, હોટલનું, બજારનો રાંધેલ ખોરાક ન ખાવો. ઘરે પવિત્રપણે બનાવીને ભગવાનને જમાડીને જમવું. ડુંગળી, લસણ, માંસ, ઈંડા આદિ અભક્ષ્ય ન ખાવું.

(૧૬) કોઈપણ પ્રકારનું વ્યસન ન રાખવું. છીંકણી, બીડી, તમાકુ, દારૂ જેવા વ્યસનો છોડવા તેનાથી દૂર રહેવું.

(૧૭) અનીતિ તથા અન્યાયથી ધનનું ઉપાર્જન ન કરવું.

(૧૮) કુટુંબમાં, પાડોશમાં કે ગામમાં-શહેરમાં, મંદિરોમાં સર્વની સાથે સંપથી રહેવું. કોઈની સાથે ક્રોધ કે ઈર્ષા ન કરવી. ઘરમાં રહેતા વડીલો, સાસુ-સસરાની પૂજ્યભાવે સેવા કરવી, તેને સાચવવા તેને દુઃખ થાય તેવું વર્તન ન કરવું.

(૧૯) શ્રીજી મહારાજની આજ્ઞા અનુસાર શિક્ષાપત્રીમાં લખ્યા પ્રમાણે સ્ત્રીઓએ રજસ્વલાના ધર્મો પાળવા તેમજ અન્યને પળાવવા.

(૨૦) મહારાજ માટે થાળ બનાવતા (રસોઈ કરતા) ''સ્વામિનારાયણ'' મહામંત્રના જપ સાથે રસોઈ બનાવવી. મનમાં ઘાટ સંકલ્પો સારા કરવા. ક્રોધ ન કરવો તો ભગવાન થાળ સ્વીકારે.

(૨૧) દૂધ, ઘી, તેલ, પાણી કપડાથી ગાળીને વાપરવા. આ નિયમોનું અવશ્યપણે પાલન કરવું.

(૨૨) સવારમાં વહેલા ઊઠીને સ્નાન કરીને જ સર્વ ક્રિયા કરવી ન્હાયા વગર ઘરમાં કે કોઈ વસ્તુ પદાર્થને અડવું નહિં.

(૨૩) પોતાના બાળકોમાં સારા સંસ્કારો પડે તેવી ધાર્મિક વાતો કરવી અને મંદિરે તથા બાળમંડળો, બાલીકા મંડળો, કિશોરી મંડળોમાં મોકલવવાં.

(૨૪) વ્રતમાન ધરાવીને કંઠી પહેરવી. કંઠી વગર ક્યારેય રહેવું નહીં. બહેનોએ સાંખ્યયોગી બહેનો પાસે વ્રતમાન ધરાવવા.

(૨૫) ઘરકામ કરતાં કરતાં મૂર્તિના કિર્તનો કંઠસ્થ કરીને બોલવા - ભજન કરવું.

(૨૬) શ્રીજી મહારાજની આજ્ઞા અને ઉપાસના શુધ્ધ રાખવી. મંત્ર-જંત્ર, વહેમ, પાખંડ, ધતીંગ, દોરા-ધાગા, વગેરેમાં પ્રતિતિ ન લાવવી. આશરો એક ભગવાનનો જ રાખવો.

(૨૭) આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી સર્વના નિયંતા છે. તેવી અનન્ય નિષ્ઠા રાખવી. નિશ્ચય બરાબર રાખવો.

(૨૮) પરોપકારી થવું, કોઈ દુઃખી કે ગરીબને જોઈને પોતાથી શક્ય બને તેટલી મદદ કરવી. સત્સંગ-સંપ્રદાયનું અહિત ન થાય તેની હંમેશાં કાળજી રાખવી.

(૨૯) સાંખ્યયોગી બહેનોના યોગમાં રહેવું તેવી મહારાજની આજ્ઞા છે. સત્સંગ કરવા માટે સાંખ્યયોગી બહેનોનો સમાગમ કરી કથા વાર્તા સાંભળવી, તો જીવ સત્સંગમાં વૃધ્ધિને પામે, (સંત સમાગમ કિજે હો, નિશદિન સંત સમાગમ કિજે...)

(૩૦) શ્રીજી મહારાજ તેમજ સંતો-ભક્તો-સાંખ્યયોગી બહેનોનો મહિમા રાખવો. ગુણોનો વિચાર કરવો, તે રાજી થાય તેવું જીવન જીવવું, અને સારા સદ્‌ગુણો કેળવવા.

(૩૧) ભગવાનનો મહિમા સમજાવીને બીજા મુમુક્ષુ જીવોને ભગવાન ઓળખાવવા ને સત્સંગમાં જોડવા. (વર્ષમાં બે-પાંચ નવા સત્સંગી કરવા.)

(૩૨) આપણા સંબંધીઓ-બહેનપણીઓ કે પાડોશી ભક્ત-બહેનોને ઉત્સવ-સમૈયા તેમજ મંદિરોમાં થતી સત્સંગ સભાઓમાં જોડવા-સાથે લાવવા.

(૩૩) ''એહી ધર્મ કે નિયમમે વરતો સબ હરિદાસ ભજો શ્રી સહજાનંદ પદ છોડી ઓર સબ આશ...''

થાળ-૧

ગ્વાલ બાલ લાલ જમે મદન ગોપાલ
બાલ સોનેકા થાળ ઈસમેં જમે શ્રી મહારાજ...ગ્વાલ બાલજી
હરિકે આગે આયે ભક્તિમાત, સખીયા લઈ આયે સાથ
કરતી આયે ઉસમે બાત, ઉસકી આયર કી જાત
ચંપા મોગરી કા તેલ, કસ્તૂરી ધૂપેલ
મર્દન કરો કનૈયા લાલ...જમે મદન

હરિકે જળજમુના હું લાઈ, ત્રાંબાકુંડી મેં ઠલવાઈ
બાજોઠ પર બેસાઈ, દેખો લાલ કી સફાઈ
એક ગોપી લાઈ ટોપી, હીરા સાંકળી અબોટી
ઓઢે કસુંબલ શાલ...જમે મદન

હરિકે પ્રથમ મેવા લીએ સાર, પપનસ બડે બડે દો ચાર
સેતુર જાંબુ હૈ ગુલદાર, કેળા સફરજન અનાર
લંબે બોર ચણીબોર, નારી લાઈ હૈ અખોર
ઈસકી લાલ હૈ છાલ...જમે મદન

હરિકે સાફ કરકે બદામ, ખારેક મીઠી હૈ તમામ
પીસ્તા હલવા હૈ ઘનશ્યામ, અમૃત આપૂસી હૈ આમ
નારંગી મોસંબી ભોયંકી, લંબીચંબી ખટ્ટી મીઠ્ઠી ઠંડી હૈ દ્રાસ
જમે મદન ગોપાલ...

હરિકે લડુ મગદળકા હૈ સારા, હલવા ખૂરમા ખૂબી વાલા
આટા જલેબી કા ન્યારા, બુંદી છૂટી લ્યો હૈ પ્યારા
લે લે ખાજે પેંડે તાજે ગુલગુલ આપ આપ મેં ગાજે
મીઠો મોરબ્બો રસાલ...જમે મદન

હરિકે શીરો પૂરીને દૂધપાક, બદામ ચારોળી હૈ દ્રાસ
ઉપર સક્કર બૂરા સાફ, લાલ લેતું ઉસમેં ચાખ
સુંદર જાવંત્રી જાયફળ, કસ્તૂરી કેસર
શીખંડ બાસુંદી કા થાળ...જમે મદન

હરિકે લડૂ ચૂરમે કો ખૂબ, બનાઈ બણજ હૂબા હૂબ
લાઈ બરજંતી મેસુબ, બાટી ઘી માં ડૂબાડૂબ
રખે માવે કો ગુલગુલે, ઠોર રૂડે માલપુડે
બડેબડે ફાફડે, આગળ તળેલી હૈ દાળ...જમે મદન

હરિકે ભોજન ભાત ભાત કેભાણે, ઈસમેં રખે એલચી દાણે
બરફી ખાય ગીરધર શાણે, મેસુબ વડા વટાણે
લડુ સવૈયા મોતૈયા, ઘેબર સાકર કદૈયા
ગુંદરપાક હૈ રસાલ...જમે મદન

હરિકે રોટી જીરસાઈ ભાત, સુંદર તરકારી હૈ જાત
ભીંડા વાલોળ વતાંક, સૂરણ ઘીસોડા કે શાક
કઢી વડી હૈ ઝાઝી, લાઈ ભાજી કરકર તાજી
મૂળા ગલકારી કારેલી, ભજીયા વટાણા ને વાલ...જમે મદન

હરિકે ચટણી આમલી કી બનાઈ, કોથફૂદી સે મીલવાઈ
લીલે મિરચે કી તીખાઈ, આરસ પથ્થર સે કૂટવાઈ
લીલે મરીકે દાણે, ભારે ભાત ભાત કે અથાણે
અંદર મીઠે જીરે દાલે...જમે મદન

હરિકે કેરી લીંબુ આદે સારે, ગુંદર કેલ કે અસારે
લીલે મીરચે તીખે ભારે, સ્વાદ ગરમરકા હૈ ન્યારા
દહીં છાશ હૈ મોળી, માખણ ઔર કે કચોરી
મોળે સાટે પૂરણપોળી, દૂધ ઘી કઢી દાલ...જમે મદન

હરિકે ભર સોને જારી, પાની પીજે ગીરધારી
પાન લવીંગ સોપારી, અંદર એલચી હૈ ન્યારી
કાથા ચૂના હૈ પૂરણ, ભારે ભાત ભાત કા ચૂરણ
મૂખડા હો જાયેગા લાલ...જમે મદન

હરિકે થાળ પ્રેમાનંદ ગાવે, ઈસકો પાર કોઈ ન આવે
પ્રસાદી કી કરેલ આશ, લાલા રખલે તેરે પાસ
લીજો સહજાનંદજી નામ, જાણે પહોંચ્યા અક્ષરધામ
મુક્તાનંદજી કા થાળ...જમે મદન

થાળ -૨

અક્ષરના અવિનાશી રે, મારે મંદિરે આવો
દૂરથી આવતા દીઠડા, વાલાને વનમાળી
બેસોને ઢાળુ બાજોઠીયા, ઉપર સોનાની થાળી
પેંડા પતાસને પૂરીયું, સુખડી સુખકારી

માલપૂડા ગળી વેડમી, રૂચી હોય તો લેજો
દહીં ભાત કેરા રાયતા, ચૂક હોય તો કેજો
સુંદર જળ ઘેલા તણા, પ્રભુ પ્રેમેથી પીજો
બીડી બનાવી પાનની, પુરૂષોત્તમ લેજો
બ્રહ્માનંદના વાલમા, નીત્ય દર્શન દે'જો

થાળ-૩

ધર્મકુમાર ઘનશ્યામ વાલા, થાળ જમવા આવો રે
થાળ જમવા આવો વાલા, ના અમને તલસાવો રે..ધર્મ
મેસુબને મોતૈયા લાડુ, જલેબી બહુ સારી રે
દાળ તુવેરની પાતળી પીરસી ઘીએથી વઘારી રે..ધર્મ
ફરસીપુરી પુડલા સારા, જમોને ધર્મ દુલારા રે
અથાણા કેરી ગુંદા પ્યારા, તમે છો જમનારા રે..ધર્મ
કાજુ કમોદનો ભાત બનાવ્યો, કઢી કરી બહુ સારી રે
ભાજીને તરકારી વાલા, ચોળાફળી છમકારી રે..ધર્મ
હરિકૃષ્ણ છો હાર હૈયાના, પ્રાણજીવન છો પ્યારા રે
જમવામાં કાંઈ કસર કરોતો, તમને સમ છે મારા રે..ધર્મ
મોળુ મીઠુ કે'જો પ્રભુજી, જે જોઈએ તે માગી લેજો રે
ચળુ કરી જળપાન કરો, વધી પ્રસાદિ અમને દેજો રે..ધર્મ
કાથો ચૂનો લવીંગ સોપારી, પાનના બીડા તાજા રે
મુખવાસ આપુ મુખમાં પ્રભુજી, સહજાનંદ મહારાજા રે..ધર્મ
ફુલડા કેરી સેજ બીછાવી, પોઢો પ્રીતમ પ્યારા રે
દાસ નારાયણ કરજોડી માગે, રાખો જગથી ન્યારા રે..ધર્મ

થાળ-૪

મારે ઘેર જમવા પધારો ગોપીનાથ ગઢપુરવાળા
ગઢપુરવાળા પ્રભુ છપૈયાવાળા...મારે
સ્વાગતમાં પુષ્પની માળા, ગુલાબ ગુંથાવ્યા છે સારા...ગોપીનાથ
રૂપાના તો બાજોઠ ઢળાવ્યા, કંચન થાળ ધરાવ્યા...ગોપીનાથ
બુંદીના લાડુને સુરતની ઘારી, રસદાર રસોઈ બનાવી...ગોપીનાથ
દુધીનો હલવોને મોહનથાળ, કેસરીયો ભાત બનાવ્યો...ગોપીનાથ
તમને મનગમતી ખીચડી બનાવી, કઢી મસાલેદાર બનાવી
પાપડ તળાવ્યા છે સારા...ગોપીનાથ
ગુણિયલ મૂરતિ સહજાનંદની, દર્શન દેજો છોગાલાવાળા...ગોપીનાથ
જળરે જમુનાની ઝારી ભરાવું, મુખવાસમાં તો એલચી નખાવુ
પાનના બીડલા બનાવ્યા...ગોપીનાથ
કરજોડી મુકતાનંદ માગે, શરણે રાખજો છોગાલાવાળા...ગોપીનાથ

રાગ : ધોળ કે ગરબી પદ-૧

હરિજયંતિ વ્રત હે તે કીજ્યે રે;
એનો મહિમા તે ઉર ધારી લીજ્યે રે. હરિ. ટેક.
એતો સર્વ વ્રતોમાં વ્રતરાજ છે રે;
એણે સરે સારા સર્વે કાજ છે રે. હરિ. ૧
એનો મહિમાનો પાર નવલહે રે;
જેને ભવ બ્રહ્માદિક નેતિ નેતિ કહે રે. હરિ. ૨

જે કોઈ સાચા મને એ આદરે રે;
એ તો ચારે પુરુષાર્થને સિદ્ધ કરે રે. હરિ. ૩
દાસ નારાયણના ઉરમાં વસ્યું રે;
એણે કાળ માયાનું બારૂ ખસ્યું રે. હરિ. ૪

પદ-૨

ભલે આવી ચૈત્ર સુદી નવમી રે;
સૌ હરિજનને ઉરમાં ગમી રે. ટેક.
પ્રતિ સુદ નવમીએ વ્રત કરવું રે;
એણે ન રહ્યું અન્ય આચરવું રે. ભલે. ૧
વ્રત કરી શ્રી હરિને ગમવું રે;
થાય સર્વે તે દુઃખનું શમવું રે. ભલે. ૨
એ તો ભવ તરવા નિર્ભય નાવડું રે;
એથી સાધન અન્ય ન દીસે વડું રે. ભલે. ૩
દાસ નારાયણ એ પાવન કરે રે;
ત્યારે કારજ તે કેમ નવ સરે રે. ભલે. ૪

કિર્તન-૧

આવો અવસર આવ્યો રે કે તમને ભજવાનો
તનની ઉપાધિ રે કે સર્વે તજવાનો,
ધારૂ નહિ માથે રે કે ઘણી દેહ ધારીને
તમ ઉપર સરવસ રે કે નાખું વારીને,

અવતાર ધર્યો છે રે કે તમને વરવાને
કુળની મરજાદા રે કે ખોટી કરવાને,
અમૃતરસ મેલી રે કે વિખ હું નહિ ચાખું.
રસિયા તમ વિના રે કે વાલુ નહિ રાખું.
કરશે શું મુજને રે કે કુડા લોકડીયા
જગજીવન મારે રે કે જીવલડે જડીયા
બ્રહ્માનંદના વાલા રે માં જાશો વિસરી,
તન મન ધન સોંપી રે કે થઈ રહી છું તારી

કિર્તન-૨

આજ મારે નંદનો નંદન ઘેર આવ્યા; સૈયરો
મોંઘે મોંઘે મોતીડે વધાવ્યા રે સૈયરો. આજ૦ ટેક.
હસીને બોલાવી મુને હેતમાંઈ હેરી;
રેંટો બાંધેલ સોનેરી રે સૈયરો. આજ૦ ૧
સોનેરી કોરનું નાખેલ ખંભે સેલું;
રસીયે કીધી છે રંગ રેલું રે સૈયરો. આજ૦ ૨
ફુલડાંનાં મેલ્યાં માથે છોગલાં રે ફરતાં;
મુને નથી વિસરતાં રે સૈયરો. આજ૦ ૩
બ્રહ્માનંદના વાલા'થી પ્રીતડી બંધાણી;
મેણું લીધું છે માથે તાણી રે સૈયરો. આજ૦ ૪

કિર્તન-૩

મૂરતિ તારી મરમાળી રે વાલીડા લાગે છે વાલી
લાગે છે વા'લી, લાગે છે વા'લી તારી,વાલીડા વાલીડા...મૂરતિ

શોભિતા રે શણગાર સજીને, શ્યામ મંદિરીયે આવો ચાલી...મૂરતિ
તમ વિના રે મારે પલ નવ ચાલે, તાણ કરાવો શીદ ઠાલી...મૂરતિ
મનડુ લીધું રે મારુ મોહન પ્યારા, પાઘલડીમાં તોરા મેલી...મૂરતિ
બ્રહ્માનંદ કહે તમને વર્યાની, ટેક અચલ એક ઝાલી રે...મૂરતિ

કિર્તન-૪

મને પ્યારા લાગો છો, અતિ વાલા લાગો છો (૨)
તમારી વાણી, મન રે તાણી, લીધું રે મારું,
જોયું રે અલબેલા મેં મુખ તમારૂં રે, - મને..
જોયું મે મુખ તમારું, મેં તમારું;
જોયા પછી જગત લાગ્યું ખારું, મને ખારું,
વરીયા રે તમને રે, શીરને સાટે રે,
સંસારી સુખ છોડ્યા, મેં તમારે માટે રે, - મને..
તનની રે આશા ત્યાગી, મેં ત્યાગી;
લગની વાલા, તમારી સાથે લાગી, મને લાગી;
મારું રે, મનડું રે, ચાહે તમને રે,
કહેવું ઘટે તે કહેજ્યો, આવીને અમને રે - મને....
ઘનશ્યામ તમને ભેટું, હું ભેટું,
જગની શંકા હું તો સર્વ મેટું, હું મેટું,
મુરતી રે, જોઈને રે, હું તો હરખી રે,
દાસ બ્રહ્મ એ માંગે, મને પાસે રખીયો રે - મને..

પદ-૧

ક્ષર અક્ષર પર પુરૂષોત્તમ, અવની ઉપર આવિયા,
આવિયા સંગ લાવિયા, ધામ ધામના મુક્ત બોલાવિયા. હે ક્ષર
સરવાર દેશે છપૈયા પૂરે, સુત ધર્મના કહાવીયા,
કહવીયા મન ભાવીયા, વેદ શાસ્ત્ર પૂરાણ ભણાવીયા. હે ક્ષર
માતા-પિતાને દિવ્યગતિ આપી, છોકરા ઘેર રાવ લાવીયા,
લાવીયા ખીજાવીયા ઘનશ્યામ વનમાં સિધાવીયા. હે ક્ષર
સવારે ઉઠી સરજુમાં નાવાના બાના બતાવીયા,
બતાવીયા ફરી ના આવીયા ઘનશ્યામ વનમાં સીધાવીયા. હે ક્ષર
દાસ હરિ કહે વનવાસી ઉદાસી, અહોનીશ અલખ જગાવીયા,
જગાવીયા વેષ લાવીયા, સાધુ સરજુદાસ કહાવીયા. હે ક્ષર

પદ-૨

વન સઘન વન વાસ વસીયા, સાત વરસ વનવાસમાં,
વાસમાં જોગી પાસમાં, જોગ સાધીયો અધ્યાસમાં. હે વન
સંવત અઢારસો છપ્પન ચાલે, સુંદર શ્રાવણ માસમાં,
માસમાં હુલ્લાસમાં મળ્યા મુક્તાનંદજી સન્યાસમાં. હે વન
શિષ્ય થયા રામાનંદ સ્વામીના, પ્રભુ રહ્યા ગુરૂ પાસમાં,
પાસમાં ઉરવાસમાં, ગુરૂ ગયા ધામ નિવાસમાં. હે વન
ધર્મ ધૂરંધર સ્વામિનારાયણ, નામ જપાવીયું દાસમાં,
દાસમાં ઉરવાસમાં, વાલો વીસર્યા હૃદયાકાશમાં. હે વન
દાસ હરિ કહે સમાધિમાં, શીષ્ય દેખે એ બ્રહ્મ નિવાસમાં,
નિવાસમાં ઉલ્લાસમાં વાલો, વીસર્યા વસુધા વિલાસમાં. હે વન

પદ-૩

નર અમર કરજોડી મુખે, સ્વામિનારાયણ ગાવશે,
ગાવશે ગવરાવશે, એની હારે વાલમ આવશે. હે નર
ગાતા નામ શ્રી સ્વામિનારાયણ ભાગ્ય પૂર્વના જાગશે,
જાગશે મુખે માગશે, એના ભવની ભાવટ ભાંગશે. હે નર
સ્વામિનારાયણ સુખના સાગર, નિર્ભય નાણું કમાવશે,
કમાવશે દુઃખ વામશે, પ્રાણી પરમ પદ પામશે. હે નર
કળીમાં કોલ કલ્યાણનો આપ્યો, બિરૂદ પોતાનું પ્રભુ પાળશે,
પાળશે પળાવશે, પાપ પૂર્વના પ્રજાળશે. હે નર
ઘડીક દાસ હરિના પ્રભુની, મૂરતિ ધ્યાનમાં લાવશે,
લાવશે તે ફાવશે, એની હારે વાલમ આવશે. હે નર

પદ-૪

મન પ્રસન્ન જગ જીવન જોઈ, સ્નેહથી ચીતમાં ધારશે,
ધારશે તેને તારશે, ભવ સાગર પાર ઉતારશે. હે મન
કોટિ જન્મનું દેવું કાપી અંતે તેડવા આવશે,
આવશે બીક ટાળશે, જાતા જમના હાથથી છોડાવશે. હે મન
આધી વ્યાધી ઉપાધી મટાડી, ખોટના ખાતા ફાડશે,
ફાડશે દેખાડશે, બ્રહ્મમો'લના દ્વાર ઉઘાડશે. હે મન
જીવન મુક્તના જોડીયા કરી, અક્ષર ધામમા મેલશે,
મેલશે ખૂબ ખેલશે, પ્રાણી પરમ પદ હેલશે. હે મન
દાસ હરિ કહે દિવ્ય દેહે, મુક્ત સંગાથે મોજુ માણશે,
માણશે પરમાણશે, સુખ વારંવાર વખાણશે. હે મન

શ્લોક

માથે મંજુલ ચીકણા ચળકતા, ભૂરાભલા કેશ છે,
તેજસ્વી સુવિશાળ ભાલ વિલસે નેત્રો બહુ બેશ છે
નાસાગ્રે ધરિદૃષ્ટિ તે નવચળે, નાસાદિસે નિર્મળી
શોભે છે મુખ ચંદ્રબિંબ સરખું, તે મંદહાસ્યે મળી

સીતાંબરમ્ નૈષ્ઠિક વર્ણિવેશમ્
પિતાંબરમ્ ત્વમ્ નટવર્યવેશમ્ ।
નવાંબુદશ્યામલ સુંદરાંગમ્
વંદે હરિમ્ ધર્મસુતં શ્ચ કૃષ્ણમ્ ॥

આદૌ પ્રેમવતી વૃષાંગજનનં સન્નૈકતીર્થાટનં,
દુષ્કર્મોપશમં ચ સાધુશરણં સદ્ધર્મસંસ્થાપનમ્ ।
હિંસાવર્જીત ભૂરિયજ્ઞકરણં મૂર્તિપ્રતિષ્ઠાપનં,
આર્યસ્થાપનમક્ષરાખ્યગમનં સત્સંગિસજ્જીવનમ્ ॥

ભવસંભવ ભીતિભેદનં, સુખસંપત્કરૂણાનિકેતનમ્ ।
વ્રતદાનતપઃ ક્રિયાફલં, સહજાનંદ ગુરું ભજે સદા ॥

શરણાગતપાપપર્વતં, ગણયિત્વા ન તદીય સદ્ગુણમ્ ।
અણુમપ્યતુલં હિ મન્યતે, સહજાનંદ ગુરું ભજે સદા ॥

શિક્ષાર્થમત્ર નિજભક્તિમતાં નરાણાં,
મેકાન્તધર્મમખિલં પરિશીલયન્તમ્ ।

અષ્ટાંગયોગકલનાશ્ચ મહાવ્રતાનિ
ત્વાં ભક્તિધર્મ તનયં શરણમ્ પ્રપદ્યે ॥

કસ્તૂરીતિલકં લલાટપટલે વક્ષઃસ્થલે કૌસ્તુભં ।
નાસાગ્રે વરમૌક્તિકં કરતલે વેણુ કરે કંકણમ્ ।
સર્વાંગે હરિચંદનં સુલલિતં કંઠે ચ મુક્તાવલિં ।
ગોપસ્ત્રીપરિવેષ્ટિતો વિજયતે ગોપાલચૂડામણિઃ ॥

જુષ્ટોં મુક્તગણૈર્નિજાક્ષરપદે દિવ્યાકૃતિઃ સાદરં ।
યો ભક્તૌ પ્રકટીબભૂવદયયા ધર્માજજનઃ શ્રેયસે ।
અત્રોન્મૂલયિતું ત્વધર્મવિતું સાધુશ્ચધર્મં શુભં ।
ધ્યાયે તં હરિમીશ્વરેશ્વરમહં સદ્‌બુધ્ધિદં સર્વદા ॥

સદાનંદાભોધિઃ સ્મિતરુચિર પૂર્ણેન્દુવદનઃ ।
પ્રફુલ્લાંભોજન્મચ્છદ્‌સદંશશોભાક્ષિયુગલઃ ।
કૃપાપારાવારઃ શ્રિતસકલ જીવાતિસુખદો ।
મહાશ્રેયોમૂર્તિર્જયતિ સ હિ નારાયણમુનિઃ ॥

સતતં નિજમૂર્તિચિન્તકાનામધિકં શ્વેત મનોહર પ્રકાશે ।
હૃદિ દર્શિતં રમ્યદિવ્યરુપં ભગવન્તં તમહં હરિં નમામિ ॥

અતિમનોહરં સર્વસુંદરં તિલકલક્ષણં ચંચલેક્ષણમ્, ।
ગોપીનાથજી પ્રેમદોહનં નયનગોચરં ભક્તસંચરમ્ ।
તવ નિવાસતો દુર્ગપતનં જયતિ ભૂતલે સર્વતોધિકમ્, ।
પરમમંગલમ્ સ્વામિનાથ ! તે વપુરિહાસ્તુનો નિત્ય દર્શનો ॥

(૧) અવની ઉપર વેદ ધર્મ જેહ,
પ્રભુ જન્મ્યા દ્રઢ સ્થાપવા જ તેહ;
સહુ નિજજનને કરી બતાવે,
જનમન જેથી પ્રતીતિ પૂર્ણ લાવે.

(૨) પ્રભુ પદ પર પૂર્ણ પ્રેમ વાળી,
વ્રજ જુવતીથી વિશેષ ભક્ત ભાળી;
અગણીત જુવતી શું એહ ટાણે,
પ્રભુ ભજનારી મહામુનિ વખાણે.

(૩) ફરી ફરી હરી અન્ય ગામ ગામ,
ગઢપુર માહી વસેજ ધામધામ;
નહી ગઢપુર તુલ્ય ધામ કાંઈ,
સુરમુની મુક્ત કરે વખાણ જોઈ.

(૪) ધરી નિજ ઉરમાં ક્ષમ્ય અપાર,
જન કૃત કષ્ટ સહ્યા અનેકવાર;
અવગુણ પણ એ રીતે અમારા,
નવ ધરશો ઉર ધર્મના દુલારા.

(૫) નિજજનનો નિહાળી નેહ,
પરમ કૃપાળુ થયા પ્રસન્ન તેહ;
અમ પર પણ નિત્ય એજ રીતે,
પરમ કૃપાળુ થજો પ્રસન્ન પ્રીતે.

(૬) નરતન ધરીને કૃપાનિધાન,
સુખદ ચરિત્ર કર્યા સુધા સમાન.
અગણીત ગુણ ગ્રંથમાં લખાયા,
ગુણ ગણ અક્ષર ધામમાં ગવાયા.